પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૫/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૨૬


## સુવિચાર

માનવજીવન મહત્વનું એટલા માટે છે કે તેમાં આપણને વિકસિત વિચારવંતુ મન મળ્યું છે અને બુધ્ધિ મળી છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી ( દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

BIMS-AASTHA HOSPITAL
આસ્થા હોસ્પિટલ હવે થી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી
સમય તેમજ ઈમરજન્સીમાં
૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં
કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર
કોલ કરી કેશ લખાવી શકો છો
( ૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/
૩૫૪૪૪૪ મો.૯૯૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

SAMSUNG
સ્માર્ટ બનો,
સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ
પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો
માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી
વિશ્વસનીય અને
પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

परशुराम जयंती
ભગવાન
શ્રી પરશુરામના
પ્રાગટ્ય દિવસ
નિમિત્તે સર્વોને
શુભકામનાઓ
સહ ભગવાન
શ્રી પરશુરામના
ચરણોમાં કોટિ કોટિ
વંદન
કિશોર પાઠક
એડવોકેટ અને નોટરી
પ્રમુખ શ્રી, લીલિયા તાલુકા બ્રહ્મ પરિવાર

ભગવાનશ્રી પરશુરામજીનાં
પ્રાગટ્યદિને કોટિ કોટિ વંદન
पितृ भक्त परशुराम जी,
विष्णु के छठे अवतार हुए।
पिता जमदग्नि,
मां रेणुका के पांचवें
ऋषिकुमार हुए।।
કોટી કોટી... વંદન.. કર્તા...
શ્રી મુકેશભાઇ તેરૈયા
( પૂર્વ પ્રમુખશ્રી : અમરેલી જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજ – અમરેલી )
(પ્રમુખશ્રી : અમરેલી શહેર રાજગોર બ્રહ્મસમાજ)

જોઈએ છે... જોઈએ છે...
ઓપન ઈન્ટરવ્યુ
શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા સંચાલીત
હરીબેન ભગવાનજી લાલજી તેજુરા- હરીબા મહિલા કોલેજ-ચલાલા
નીચે મુજબ વિદ્યાશાખા વાઈઝ ભરતી કરવાની હોય તો જાહેરાત આવ્યા તારીખ ૦૯/૦૫/૨૦૨૪થી દિન-૧૦ માં કુરિયર અથવા સ્પીડ પોસ્ટ દ્વારા અરજી મોકલવા વિનંતી.
- પ્રિન્સીપાલ
- ગ્રંથપાલ (લાયબ્રેરીયન)
- પી.ટી.આઇ.
- આસિ.પ્રોફેસર - (કોમર્સ/એકાઉન્ટન્સી)
- આસિ.પ્રોફેસર - સમાજશાસ્ત્ર
- આસિ.પ્રોફેસર - હિન્દી
- આસિ.પ્રોફેસર - અંગ્રેજી
- આસિ.પ્રોફેસર - સંસ્કૃત
- આસિ.પ્રોફેસર - મનોવિજ્ઞાન
- આસિ.પ્રોફેસર - ગુજરાતી
- પ્રોફેસરોને જમવાની વ્યવસ્થા સંસ્થા તરફથી આપવામાં આવશે.
- પ્રોફેસરોને રહેવા માટે સુંદર વ્યવસ્થા આપવામાં આવશે.
- પ્રોફેસરોના બાળકોને અભ્યાસ માટેની વ્યવસ્થા પણ વિનામૂલ્યે કરી આપવામાં આવશે.
- ઉચ્ચ પગાર આપવામાં આવશે.
પૂ.શ્રી ડો. રતિદાદા (મેનેજીંગ ટ્રસ્ટી)
શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા
હરિબા મહિલા કોલેજ - ચલાલા
ધારી રોડ, મીઠાપુર (ડું.), ચલાલા, તા.ધારી, જી.અમરેલી-૩૬૫૬૩૦
( મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭/૯૪૨૯૮ ૩૮૦૧૭ )

ભગવાનશ્રી પરશુરામજીની
શોભાયાત્રામાં જોડાવા...
જાહેર નિમંત્રણ
ભગવાનશ્રી પરશુરામજી પ્રાગટય મહોત્સવ
પ્રસંગે કોટી કોટી... વંદન...
ભગવાનશ્રી પરશુરામજીના પ્રાગટય પર્વે આજે સાંજે ૫:૦૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરેથી પરશુરામ ધામ સુધી યોજાનારી સહિયારી શોભાયાત્રામાં જોડાવા માટે તમામ સમાજ તેમજ ભાવીક ભકતજનોને જાહેર નિમંત્રણ પાઠવીએ છીએ..
કોટી કોટી... વંદન.. કર્તા...
ઉદયન ત્રિવેદી
એડવોકેટ, (ગુજરાત હાઈકોર્ટ)
(પૂર્વ પ્રમુખશ્રી : અમરેલી જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજ)
(ચેરમેનશ્રી, નોટરી એસોસિયેશન સૌરાષ્ટ્ર ઝોન)
હરનીલ ત્રિવેદી
એડવોકેટ, (ગુજરાત હાઈકોર્ટ)
(ઉપપ્રમુખશ્રી : અમરેલી જીલ્લા યુવા બ્રહ્મસમાજ)
ઉર્મી ત્રિવેદી
ફીટવેલ જીમ - ચિતલ રોડ, અમરેલી
પૂર્વા ત્રિવેદી
અમરેલી

પ્રવેશ કાર્ય શરૂ છે
શ્રીમતિ એસ. એચ. ગજેરા સ્કૂલ H.S.C. બોર્ડનું ઉજ્જવળ પરિણામ
શ્રેષ્ઠ શાળા એવોર્ડ
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત અમરેલી જિલ્લાની એકમાત્ર આર્ટ્સ–કોમર્સ–સાયન્સમાં શ્રેષ્ઠ પરિણામ ધરાવતી સંસ્થા
A1 ટાંક મિતુલ 99.57
A1 કચ્છી પ્રિન્સ 99.26 - (GUJCET-115, MATHS - 100)
ઓઝા સિધ્ધાર્થ 99.17- A2 (MATHS - 100)
ડાભી પિયુષ 99.10- A2
દેવમુરારી કિશન 97.74- A2
વડેરા વૈશાલી 97.34- A2
ચુડાસમા આસ્થા 97.56- A2
મકવાણા નક્ષ 96.96- A2
હિરપરા મલ્હાર 96.45- A2
ગોંડલીયા જયદીપ 95.69- A2
સ્કૂલ કાર્યક્ષેત્ર : બાલમંદિર થી ધોરણ–૧૨ આર્ટ્સ–કોમર્સ – સાયન્સ
હોસ્ટેલ કાર્યક્ષેત્ર : ધોરણ – ૪ થી ધોરણ–૧૨ બહેનો અને ભાઈઓ માટે અલગ નિવાસી વ્યવસ્થા
વિજ્ઞાન પ્રવાહ : ગુજરાત બોર્ડનું પરિણામ : ૮૨.૪૫% / જિલ્લાનું પરિણામ - ૭૮.૮૮% ત્યારે વિદ્યાસભા સ્કૂલનું પરિણામ - ૯૫.૩૭%
સામાન્ય પ્રવાહ : ગુજરાત બોર્ડનું પરિણામ - ૯૧.૯૩% - જિલ્લાનું પરિણામ - ૮૯.૮૦% ત્યારે વિદ્યાસભા સ્કૂલનું પરિણામ - ૯૪.૮૨%
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ઉચ્ચતર માધ્યમિક શાળા
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી.
મો. ૯૦૯૯૦ ૯૮૨૨૦
પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા

## જિલ્લાનું પરિણામ તો સારૂ રહ્યું પણ A-1 ગ્રેડમાં ગણ્યા ગાંઠયા પરીક્ષાર્થીઓ

# અમરેલી જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું ૭૮.૮૮ ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૯.૮૦ ટકા

### માર્ચ મહિનામાં લેવાયેલ પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહમાં ૧૬૫૮માંથી એ–વન ગ્રેડમાં માત્ર ૧૫ પરીક્ષાર્થીઓ

### એ–ટુમાં જિલ્લાનાં ૧૧૦, બી–વનમાં ૨૯૭ અને બી–ટુમાં ૩૦૮ પરીક્ષાર્થીઓ

### સામાન્ય પ્રવાહનાં ૮૧૯૭ પરીક્ષાર્થીમાંથી એ–વનમાં માત્ર ૭૪ પરીક્ષાર્થીઓ ઉતિર્ણ

### સામાન્ય પ્રવાહમાં એ–ટુમાં ૮૯૩, બી–વનમાં ૧૭૦૯ અને બી–ટુમાં ૧૯૯૫ પરીક્ષાર્થીઓ

અમરેલી, તા. ૯

ગુજરાત માધ્યમિક બોર્ડ ધ્વારા ધો. ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહનું સૌ પ્રથમ વખત એકી સાથે પરીણામ જાહેર કરતાં ગુજરાતમાં વિજ્ઞાન પ્રવાહનું પરીણામ ૮૨.૪૫ ટકા જયારે સામાન્ય પ્રવાહનું ૯૧.૯૩ ટકા જેવું જંગી પરીણામ જાહેર કરતાં વિદ્યાર્થીઓમાં ભારે હર્ષ ફેલાયો છે.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અમરેલી જિલ્લાનું સરેરાશ પરીણામ ૭૮.૮૮ ટકા જયારે સામાન્ય પ્રવાહનું પરીણામ ૮૯.૮૦ ટકા જાહેર થવા પામેલ છે.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં માર્ચમાં લેવાયેલ પરીક્ષામાં કુલ ૧૬૫૮ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા જે પૈકી એ–વન ગ્રેડમાં ૧૫ વિદ્યાર્થીઓ, એ–ટુમાં ૧૧૦ વિદ્યાર્થીઓ જયારે બી–વન ૨૯૭ તથા બી–ટુમાં ૩૦૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અમરેલી કેન્દ્રનું ૮૪.૧૩ ટકા, સાવરકુંડલા કેન્દ્રનું ૭૬.૮૨ ટકા, બગસરા કેનદ્રનું ૬૫.૦૬ ટકા જયારે લાઠી કેન્દ્રનું ૬૯.૦૭ ટકા પરીણામ આવેલ છે.

જયારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ નોંધાયેલ ૮૧૯૭ પૈકી એ–વનમાં ૭૪, એ–ટુમાં ૮૯૩, બી–વનમાં ૧૭૦૯ તથા બી–ટુમાં ૧૯૯૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ધો.–૧૨ સામાન્ય પ્રવાહ અમરેલી કેન્દ્રનું પરીણામ ૮૯.૮૩ ટકા, સાવરકુંડલા કેન્દ્રનું ૮૩.૩૦ ટકા, બગસરા કેન્દ્રનું ૭૯.૩૭ ટકા, લાઠી કેન્દ્રનું ૮૮.૧૨ ટકા, બાબરા કેન્દ્રનું ૮૯.૯૯ ટકા, લીલીયા કેનદ્રનું ૯૬.૯૫ ટકા, ચલાલા કેન્દ્રનું ૯૦.૦૦ ટકા, ખાંભા કેન્દ્રનું ૯૨.૧૭ ટકા, બાઢડા કેન્દ્રનું ૯૫.૦૪ ટકા, ધારી કેન્દ્રનું ૮૬.૭૩ ટકા, દામનગર કેન્દ્રનું ૮૮.૪૭ ટકા, કુંકાવાવ કેન્દ્રનું ૯૧.૫૨ ટકા, વડિયા કેન્દ્રનું ૯૬.૬૨ ટકા, રાજુલા કેન્દ્રનું ૯૭.૦૭ ટકા તથા જાફરાબાદ કેનદ્રનું ૯૫.૪૫ ટકા પરીણામ જાહેર થવા પામેલ છે.

### કડક પોલીસ અધિકારી તરીકે

## સાવરકુંડલા સહિતનાં શહેરોમાં ફરજ બજાવી ચૂકેલ એસ.એન. મહેતાનું નિધન

### અસામાજિક તત્વોને ભોંભીતર કરનારનાં નિધનથી શોક

અમરેલી, તા. ૯

સાવરકુંડલા, જુનાગઢ, ઉપલેટા, પોરબંદર, અમદાવાદ, ગોંડલમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવી ચૂકેલ એસ.એન. મહેતાનું ટૂંકી બીમારીબાદ દુઃખદ અવાસન થયું છે.



જે અધિકારીની જે તે સ્થળે બદલી થતાં નામ સાંભળી એક સમયમાં લુખ્ખા તત્વોમાં ફફડાટ ફેલાતો હતો એવા બાહોશ અધિકારી એસ.એન. મહેતા આ દુનિયામાં નથી રહ્યા.

તેઓએ સાવરકુંડલામાં એક કડક અધિકારી તરીકેની છાપ ઉભી કરેલી. તેઓ માત્ર કચેરીમાં બેસી રહેવાના બદલે ગ્રાઉન્ડ લેવલ પર લોકોની વચ્ચે રહીને ફરજ બજાવતા હતા.

## અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વાત્સલ્યધામ શાળાનું ૧૦૦ ટકા પરિણામ

અમરેલી, તા. ૯

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ખોલવાડ સ્થિત વાત્સલ્યધામ શાળાના વિદ્યાર્થીઓનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ સો ટકા રહ્યું છે. શાળામાં અભ્યાસ કરતા ૪૨ બાળકોએ એ ટુ ગ્રેડ પ્રાપ્ત કરી સમગ્ર શાળાનું પરિ ણામ ૧૦૦ ટકા આપ્યું છે. આ એ બાળકો છે કે જેનું રીઝલ્ટ એવન ગ્રેડ કરતાં પણ ચડિયાતું ગણાય કારણ કે, આ બાળકો આદિવાસી વિસ્તાર અને અંતરિયાળ વિસ્તારમાંથી આવે છે. માં–બાપની સાથે ન હોવા છતાં કોઈ વ્યકિતગત કાળજી વિસ્તાર ન હોવા છતાં આ બાળકો માત્ર વાત્સલ્યધામના આધારે પોતાનું પરિણામ લાવે છે. આ વિદ્યાર્થીઓની ભણવાની, રહેવાની અને જમવાની વયવસ્થા તમામ જવાબદારી ગજેરા ટ્રસ્ટ ઉઠાવે છે. તેમને પુરતું શિક્ષણ આપવાનું કાર્ય પણ શાળાના શિક્ષકો દ્વારા અથાગ પ્રયત્નોથી કરવામાં આવી રહ્યું છે. જેમને કોઈ વિશેષ સુખ સગવડ મળતી ન હોવા છતાં જયારે શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવતું હોય ત્યારે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. ગજેરા ટ્રસ્ટના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રેમ અને હૂંફ મળે છે સાથે સાથે પૂરતું માર્ગદર્શન આપવામાં આવે છે અને સમાજમાં એક સશકત નાગરિક તરીકે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

છેલ્લા સતત બે વર્ષોથી સો ટકા પરિણામ આવે છે ત્યારે આ બાળકોને વિશેષ અભિનંદન પાઠવવા જોઈએ. બાળકોની અત્યંત નાજુક આર્થિક પરિસ્થિતિ હોવા છતાં પણ માત્ર શિક્ષણમાં જ નહીં પરંતુ સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અને રમત ગમત પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા છે. બાળકોનો સર્વાંગી વિકાસ સાથે બાળકોનું જતન અને સંવર્ધન કરી બાળકોને વિશેષ સફળતા અપાવવા બદલ ગજેરા ટ્રસ્ટના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

### પોલીસ અધિક્ષક હિમકરસિંહનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચે કરી કામગીરી

## અમરેલીનાં વિઠ્ઠલપુર ખંભાળીયા ગામનાં યુવક સહિત સાથે કાર ભાડે આપવાની લાલચ આપી છેતરપીંડી કરનાર ગેન્ગ ઝડપાઈ

### ૨૮ કાર કિંમત રૂપિયા ૩,૭૬,૫૪,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો





અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે રહેતા એક યુવકને ઉંચી રકમથી કાર ભાડે આપવાની લાલચ આપી તથા અન્ય લોકોને પણ આ ચાર જેટલા આરોપીએ ગુજરાતના અલગ અલગ વિસ્તારમાંથી કરોડોની છેતરપીંડી કરનાર ઠગ ગેંગને પકડી પાડી, ૨૮ કાર કિંમત રૂપિયા ૩,૭૬,૫૪,૦૦૦ ના મુદામાલ સાથે અમરેલી એલ.સી.બી. તથા અમરેલી રૂરલ પોલીસ ટીમે ઝડપી પાડી ગુજરાત વ્યાપી એક મોટા કૌભાંડનો પર્દાફાશ કરી છેતરપીંડી–વિસઘાત કરતી ઠગ ગેંગ સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે રહેતા લાલજીભાઈ રમેશભાઈ મકવાણા નામનાં ૩૦ વર્ષિય યુવકને સુરત ગામે રહેતા અલ્પેશ ઉર્ફે જાડો ઉર્ફે જાડીયો જગદીશચંદ્ર ઉર્ફે ચંદ્રકાંત રતીલાલ જરીવાલા, મયુર ઉર્ફે સન્ની વસંતભાઈ સાંડીસ, યોગેશ વિનુભાઈ પટેલ તથા મિત ચંદ્રકાંતભાઈ રાઠોડ વાળા આરોપીઓએ પોતાનો આર્થિક ફાયદો મેળવવા માટે થઈ સમાન ઈરાદો પાર પાડવા પોતાના પુર્વ આયોજીત ગુન્હાહિત કાવતરૂ ઘડીને લાલજીભાઈ પાસે નવી કાર નં. જી.જે. ૧૪ બી.ડી. ૪૩૭૧ કિંમત રૂપિયા ૧૪,૫૦,૦૦૦ ની ખરીદ કરાવી લઈ અને તે નવી કારનું ઉંચુ ભાડુ મેળવવાના આરોપીઓએ યુવકને સપનાઓ બતાવી સુરતમાં મેટ્રો ટ્રેનના કામમાં ગાડી ભાડે મુકવાનું કહી નવી કાર સુરત લઈ ગયા હતા. પરંતુ આરોપીઓ લઈ ગયેલ નવી કાર મેટ્રો ટ્રેનના પ્રોજેકટમાં નહી મુકી તે નવી કાર બારોબાર કાર યુવકની જાણ બહાર દિલ્હી બાજુ કોઈને આપી દીધી હતી. આ ઉપરાંત આ આરોપીઓએ અલગ અલગ અન્ય ૨૩ જેટલાં લોકો સાથે પણ આવી રીતે છેતરપીંડી વિસઘાત કરી ગુનો કરેલ હોય. આ અંગે લાલજીભાઈએ આરોપીઓ વિરૂધ્ધ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦ બી, ૩૪, ૧૧૪ મુજબ ફરિયાદ કરેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા આ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ ફરિયાદી યુવક સાથે છેતરપીંડી અને વિસઘાત કરી તેમની મિલકત પડાવી લેનાર આરોપીઓને પકડી પાડી ફરિયાદીની ગયેલ મિલકત તેમને પાછી મળે તે માટે કાર્યવાહી કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ તેમજ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. આર.જી. ચૌહાણની અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને પકડી પાડવા માટે તજવીજ હાથ ધરવામાં આવેલ હતી. આ ગુન્હામાં સંડોવાયેલ અલ્પેશ ઉર્ફે જાડો ઉર્ફે જાડીયો જગદીશચંદ્ર ઉર્ફે ચંદ્રકાંત રતીલાલ જરીવાલા, મયુર ઉર્ફે સન્ની વસંતભાઈ સાંડીસ, યોગેશ વિનુભાઈ પટેલ તથા મિત ચંદ્રકાંતભાઈ રાઠોડ નામનાં આરોપીઓને અલગ અલગ વિસ્તારમાંથી પકડી પાડી આરોપીઓની સઘન પુછપરછ દરમિયાન ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાંથી ઉંચી રકમે કાર ભાડુ આપી, કાર મેળવી અન્ય પાસે ગીરવે મુકેલ હોવાની હકિકત જણાવતા એલ.સી.બી. ટીમ ધ્વારા સંડોવાયેલ કુલ ૨૮ કાર કિંમત રૂપિયા ૩,૭૬,૫૪,૦૦૦ ના મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

આ બનાવની તપાસ દરમિયાન આરોપીઓ ઉંચી રકમથી કાર ભાડે આપવાની લાલચ આપી, લોકો પાસે નવી કાર લેવડાવી કાર ભાડે રાખતા હતા. થોડા સમય કારનું ભાડુ ચુકવ્યા બાદ આ ઠગ ટોળકી કાર માલીકની જાણ બહાર કાર બારોબાર અન્ય સ્થળે ગીરવે મુકી દેતા હતા અને કારના બદલામાં મોટી રકમ મેળવી અને લઈ કાર માલીકને કાર ભાડુ આપવાનું બંધ કરી, કાર માલીકો સાથે છેતરપીંડી અને વિસઘાત કરતા હતા. આ કામની તપાસ દરમિયાન આરોપીઓએ ૭૦થી વધુ કાર આવી રીતે મેળવી હોવાની હકિકત જણાય આવેલ છે.

### અગાઉ નોટિસનાં અનાદર બાદ પૂનઃ ચેતવણી

## અમરેલી શહેરનાં ભયજનક અને જર્જરિત મકાનો તાકીદે હટાવી લેવા પાલિકાની ચેતવણી

### કોઈ અકસ્માત થશે તો જવાબદારી મકાન માલીકની રહેશે

અમરેલી, તા. ૯

ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની જોગવાઈઓ અંતર્ગત અમરેલી શહેર હદ વિસ્તારમાં આવેલી સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી, ખાનગી, સ્લમ તથા અન્ય કવાર્ટસ તથા મકાન કે ઈમારત સહિતના તમામ પ્રકારની ઈમારતોમાં રહેતાં હોય કે તેનો ઉપયોગ કરતા હોય કે હિત ધરાવતા હોય તેવી તમામ વ્યકિતઓએ, કાયદાને આધીન રહી પોતાના મકાનનો ભયજનક ભાગ, જર્જરિત ભાગ તાકીદે ઉતારી લઈ બાકીના ભાગને સુરક્ષિત કરવાની કાર્યવાહી કરવાની રહેશે. અન્યથા મકાન કે તેનો ભયજનક ભાગ, જર્જરિત ભાગ પડી જવાથી તે મિલ્કત કે આસપાસની મિલ્કત કે આસપાસની મિલ્કતને કે જાનમાલને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આવા મકાન, ઈમારતના માલિક, કબ્જેદારો, હિત ધરાવતા તમામ વ્યકિતઓની રહેશે જેની ગંભીર નોંધ લેવી. ભયજનક કે જર્જરિત મકાનોમાં કોઈ પણ વ્યકિતએ પ્રવેશ કરવો નહીં. આવા મકાન– ઈમારતની આજુબાજુના મકાનના ઉપયોગકર્તાઓએ સાવચેતીના ભાગરૂપે પૂરતી કાળજી રાખવી. આ વિશે અમરેલી નગરપાલિકા દ્વારા અગાઉ પણ નોટિસ પણ આપવામાં આવી હોય સંબંધિત તમામ વ્યકિતઓએ આ અંગે કાર્યવાહી કર્યાનું ધ્યાને આવ્યું નથી. આથી હિત ધરાવનાર સંબંધિત તમામ કબ્જેદારોને આપવામાં આવેલી નોટિસ અન્વયેની કાર્યવાહી તાત્કાલિક ધોરણે કરવી, તાકીદની જાહેર ચેતવણીને ધ્યાને લેવી તેમ અમરેલી નગરપાલિકા ચીફ ઓફીસર દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ધારીની સ્નેહા અહલપરા અંડર ૧૪માં સ્ટેટ લેવલે પ્રથમ

ધારી, તા. ૯

ધારીની સ્નેહા અહલપરા એ પ્રથમ સ્થાને આવી હતી. ધારી ખાતે પ્રથમવાર બે બે દિકરીઓ રાજય કક્ષા ભાગ લઈ જબરદસ્ત દેખાવ કરી નાના એવા ધારીનુ નામ રાજય કક્ષા ઝળહળતુ કરી નાખયુ હતુ.

ધારીની સનેહા અહલપરા એ તાજેતરમા સુરત ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પિયનશીપ ભાગ લીધો હતો અને અંડર ૧૪ હેઠળ ના બે વિભાગો કાટા અને કુમારી (ફાઈટ)મા ભાગ લઈ બનૈમા જબરદસ્ત દેખાવ કરી પ્રથમ નંબર લીધો હતો. અને ધારી તથા પરિવારનુ નામ રોશન કર્યુ હતુ.



## ''ભગવાન પરશુરામ

વૈશાખ વદ ત્રીજ ભગવાન પરશુરામજીનો જન્મદિવસ અક્ષય તૃતિયા ના પવિત્ર દિવસે ભગુ ઋષિ ફળમાં ભગવાન પરશુરામજીનું પ્રાગટય થયુ તેથી ભાર્ગવ પણ કહેવાય છે. મહર્ષિ જમદગ્નિ ના પુત્ર હોવાથી ''જામદગ્ન્યેય'' પણ કહેવાય છે. પરશુરામજીનું મૂળ નામ રામ પરંતુ ભગવાન શિવજી પાસેથી મળેલ પરશુ હાથમાં ધારણ કરતા હોવાથી પરશુરામ નામ સુપ્રસિધ્ધ છે. ભગવાન પરશુરામજીએ અહંકારી અને અત્યાચારીઓનો પરાભવ કર્યો હતો. જેમાંના એક સહસ્ત્રાર્જુનના અહંકારને દૂર કર્યો હતો.

ભગવાન પરશુરામજી યોગ વેદ નીતિમાં પારંગત છે અને સાત ચિરંજીવીઓમાં એક નામ પરશુરાજીનું છે અને સદા ચિરંજીવી છે. માતાનું નામ રેણુકાદેવી પરશુરામજીએ પિતા જમદગ્નિની આજ્ઞાનું પાલન કરી પિતાને પ્રસન્ન કર્યા હતા. ભગવાન પરશુરામ વિષ્ણુ ભગવાનના છઠા અવતાર ગણાય છે. તેઓશ્રીનું બળ, શોર્ય અને બ્રહમ તેજ અલૌકિક દિવ્ય સુપ્રસીધ્ધ છે. જેથી અક્ષય તૃતિયાના દિવસે ભારત સહિત વિશ્વમાં આનંદ અને ધામધૂમ પૂર્વક ઉજવાય છે. તપોભુમિ નર્મદા નદીના કિનારાથી ભૃગુ કચ્છ થી વાપી સુધીના વિસ્તારમાં પ્રસરેલ. દક્ષિણ પર્વત પરશ વાસ છે, સૌરાષ્ટ્ર ને ભગવાન પરશુરામજી ક્ષેત્ર કહેવાય છે. ગિરનાર ક્ષેત્રમાં નિવાસ અને વિચરણ કરે છે. ગુરૂ દ્રોણ, કર્ણ અને ભિષ્મપિતામહ ના ગુરૂ ભગવાન પરશુરામજી છે.



તેમણે ગુરૂ દતાત્રેય અને શિવજી પાસેથી જ્ઞાન વિદ્યા મેળવીને વિશ્વના કલ્યાણ માટે ઉપયોગ કર્યો. ચાલો........ ભગવાન પરશુરામજી જન્મજયંતિ ના શુભ દિને નીચેના સ્તોત્ર દ્વારા ભગવાન પરશુરામજીના ચરણોમાં કોકિોટિ પ્રણામ – વંદન કરી ધન્ય બનીએ.

જામદગ્ન્યાય વિદ મહે મહાવીરાય ધિમહિ તન્નો પરશુરામ પ્રયોદયાત આધો રામો જામદગ્ન્ય ક્ષત્રિયાણાં કુલાન્તક : પરશ્વધરો દાતા માતૃહા માતૃજીવક : સમુદ્રતીર નિલયો મહેશ : પઠિતા ખિલ : ગોત્રાણાકૃદ વિપ્રક્ષત્રિય કર્મકૃત ભગવાન પરશુરામજીની જય હો... જય જય ભગવાન પરશુરામ.... !

લેખક : શરદકુમાર ધીરજલાલ દવે
**''શાસ્ત્રી'' શ્રીમદ ભાગવત કથાકાર**
**– હસ્તરેખા–જયોતિષ**
**વાસ્તુશાસ્ત્ર સલાહાકાર,**
**(અમરેલી)**
**મો : ૯૪ ૨ ૭૮ ૧૭૦૬૭**
**ફોન : ૦૨૭૯૨–૨૨૭૯૨૮**

### ચૂંટણી અધિકારીએ પોલીસને જાણ કરી

## રાજુલાનાં વાવેરા ગામે મતદાન મથકમાં મોબાઈલથી ફોટો પાડનાર વિરૂધ્ધ ફરિયાદ

### આરોપી ધાર્મિક બારૈયા સામે કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૯

અમરેલીનાં જેસીંગપરા શેરી નં. ૧માં રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા મહેશભાઈ કનુભાઈ સાવલીયા ગત તા. ૭નાં રોજ લોકસભાની ચૂંટણી લગત ૯૮–રાજુલા વિધાનસભા મત વિસ્તારના વાવેરા ગામની નવી પ્રાથમિક શાળા બુથ નં.–૨ માં પોતાની ફરજ ઉપર હોય. તે દરમ્યાન રાજુલા તાલુકાના વાવેરા ગામના વતની અને હાલ સુરત રહેતા ધાર્મિક વનાભાઈ બારૈયા નામનાં આરોપીએ ચૂંટણી ફરજ ઉપરના અધિકારીની જાણ બહાર મતદાન બુથ નં. ૨ ની અંદર મોબાઈલ ફોન સાથે પ્રવેશ કરી મતદાન કરતી વખતે પોતાના મોબાઈલ ફોનમાં ફોટો પાડી લઈ મતદાન ગુપ્તતાનો ભંગ કરી ફોટો પોતાના ફેસબુક સ્ટેટસમાં રાખી વાયરલ કરતા ચૂંટણી ફરજ ઉપરનાં અધિકારીએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### મહાઆરતી, શોભાયાત્રા સહિતનાં કાર્યક્રમોનું આયોજન

## અમરેલીમાં યોજાનાર ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય મહોત્સવમાં જોડાવવા એડવોકેટ ઉદયન ત્રિવેદીનું આહ્વાન

### સર્વ સનાતન ધર્મપ્રેમીઓને તમામ કાર્યક્રમોમાં જોડાવવા આહ્વાન

અમરેલી, તા. ૯

અમરેલી ખાતે આવતીકાલે ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય દિવસની ઉજવણી કરવામાં જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ ધ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.



આ ધાર્મિકોત્સવમાં સર્વે સનાતન ધર્મ પ્રેમીઓને જોડાવવા બ્રહ્મસમાજનાં અગ્રણી અને એડવોકેટ ઉદયન ત્રિવેદીએ આહવાન કરેલ છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, સવારે ૮ કલાકે પરશુરામધામ ખાતે પૂજન, બપોરે ૧૨ કલાકે અન્નકૂટ આરતી, સાંજે નાગનાથ મંદિરથી પરશુરામધામ સુધી શોભાયાત્રા અને સાંજે ૭:૩૦ કલાકે મહાઆરતી યોજાશે. જેનો લાભ લેવા અનુરોધ કરેલ છે.

## ધો. ૧૨ સાયન્સ પરિણામમાં ઓકસફર્ડમાં સ્કૂલ ઓફ સાયન્સ સતત ત્રીજા વર્ષે અગ્રેસર

# ભૈ વાહ : અમરેલીની ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સે ઈતિહાસ સર્જી દીધો

**સંસ્થાનાં વિદ્યાર્થી જેનીશ દેવગણીયાએ ગુજકેટ પરીક્ષામાં ૧૨૦ ગુણમાંથી ૧૨૦ ગુણ મેળવ્યા**

**સંસ્થાની વિદ્યાર્થીની કૃપા વોરા ૯૯.૯૪ PR મેળવી સમગ્ર જિલ્લામાં અગ્રેસર**

**સ્કૂલનાં ૬ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યુ**

**ધો. ૧૨ કોમર્સમાં પણ સંસ્થાનાં પાંચ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવી નામ રોશન કર્યુ**

અમરેલી, તા.૯

ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા વિજ્ઞાનપ્રવાહનું પરિણામ જાહેર થયું જેમાં અમરેલી શહેરની નામાંકિત ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ ધો.-૧૨ સાયન્સ પરિણામમાં સમગ્ર અમરેલી જીલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. સંસ્થાનો વિધાર્થી દેવગણિયા જેનીશ ગુજકેટ પરીક્ષામાં ૧૨૦ ગુણમાંથી ૧૨૦ ગુણ મેળવી સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ ક્રમે આવી અમરેલી જીલ્લાનું ગૌરવ વધારેલ છે. તેમજ બોર્ડ પરીક્ષામાં વોરા કૃપાએ



૯૯.૯૪ પીઆર મેળવી સમગ્ર અમરેલી જીલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. આ બોર્ડ પરિણામમાં સંસ્થાના કુલ ૬ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવેલ છે તેમજ કુલ ૩૪ વિદ્યાર્થીઓએ સાયન્સમાં એ-૧ ગ્રેડ મેળવેલ છે. ઉપરાંત ૩૭ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ અને ગુજકેટ પરીક્ષામાં ૪૦ વિદ્યાર્થીઓએ ૧૦૦થી વધુ ગુણ મેળવેલ છે. જે અત્યાર સુધીના અમરેલી જીલ્લાના ધો.-૧૨ સાયન્સના પરિણામમાં સૌથી વધારે છે. ઉપરાંત ધો.-૧૨ કોમર્સ પરિણામમાં સંસ્થાના કુલ ૫ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવી સંસ્થાનું નામ રોશન કરેલ છે. ધો.-૧૨ કોમર્સમાં સંસ્થાનું પરિણામ ૯૬ % આવેલ છે. જયારે ધો.-૧૨ સાયન્સનું પરિણામ ૯૭ % આવેલ છે. ઉપરોકત શ્રેષ્ઠ પરિણામ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

## અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો અનુસરીએ

અમરેલી તા. ૯

ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુ લાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજયમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે જે વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્ય માટે હાનિકારક છે. લુ લાગવા (સન સ્ટ્રોક) કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધે છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટોક)થી બચવા યોગ્ય પગલાઓ ભરવા આવશ્યક છે. વાતાવરણનું તાપમાન ઉચું હોવાથી વધુ માત્રામાં પરસેવો થાય છે, તેના લીધે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો થવો, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચકકર આવવા, શ્વાસ ચઢવો, હદયના ધબકારા વધી જવા સહિતની અસરો વ્યકિતને અનુભવાઈ છે. આરોગ્ય પર થતી આ વિપરીત અસરોથી બચવા યોગ્ય પગલાઓ લેવાના રહે છે. ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની ૠતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સર્ગભા માતાઓ, વૃધ્ધો તથા અશકત વ્યકિતઓએ બને ત્યાં સુધી તડકામાં ફરવું નહી. દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી ખને લીંબુ શરબત સહિતનું પ્રવાહી પીતા રહેવું ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને આવશ્યકતા જણાય ત્યારે ભીના કપડાથી શરીરને લૂછતું રહેવું. ગરમીની ૠતુ દરમિયાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. માથાનો દુઃખાવો થવો, બેચેની થવી, ચકકર આવવા, ઉબકો કે તાવ આવે તો નજીકના દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોકટરની સલાહ અને સારવાર વિના વિલંબે તરત લેવી. હિટવેવને લગતા એલર્ટની વખતોવખત સૂચનાઓને અનુસરવાની અને ગરમીથી બચવા સાવધ રહેવું. શ્રમકાર્યમાં જોડાયેલા હોય તેવા શ્રમિક વર્ગને સ્ટ્રોક (લુ) ની અસરોથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાનું રહે છે. તેમણે ગરમીથી બચવાના ઉપાયો અનુસરવાના રહે છે, તેમ અમરેલી મુખ્ય જિલ્લો આરોગ્ય અધિકારીએ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ખેતરમાં નીરણ લેવા જતાં

## ખાંભાનાં તાતણીયા ગામની મહિલાનું સર્પદંશથી મોત નિપજયું

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાના તાતણીયા ગામે રહેતા નકુબેન દાનાભાઈ ગભાભાઈ ભેડા નામનાં ૪૫ વર્ષિય મહિલા તા. ૭નાં સવારે ૭ વાગ્યે પોતાના ઘરની બાજુમાં તેમના ખેતરમાં નીરણ લેવા ગયેલ હતો. તે દરમ્યાન ખેતરમાંથી તેણીના જમણા પગે સાપ દંશ મારતા તેણીને ખાંભા સરકારી દવાખાને લઈ જતાં ફરજ પરના ડોકટરે તેણીની તપાસ કરી મરણ ગયાનું પોલીસમાં જાહેર કરેલ છે.

### સુરત અવરજવર કરતાં મુસાફરો ખૂશ

## આનંદો : રાજુલાથી સુરત વચ્ચે તદ્દન નવી એસ.ટી. બસ શરૂ કરાઈ

**દરરોજ સાંજે ૬ કલાકે બસ રવાના થશે**

રાજુલા, તા. ૯

રાજુલા-સુરત સુરત ડેપો દ્વારા એક તદ્દન નવી એસ.ટી. બસ શરૂ કરવામાં આવી. સમગ્ર સૌરાષ્ટ્રના અને ખાસ કરીને અમરેલી જિલ્લાના વધુમાં વધુ લોકો સુરત ખાતે રહેતા હોય ત્યારે સૌરાષ્ટ્રના લોકોને વધુમાં વધુ લાભ મળે તે હેતુથી લોકોની લાગણી અને માંગણી બંનેને ધ્યાનમાં રાખીને વિભાગિય નિયામક ગુર્જરની સૂચનાથી સુરતના ડેપો મેનેજર એમ.વી. ચૌધરી દ્વારા સુરત-રાજુલા, રાજુલા-સુરત એસ.ટી. બસ શરૂ કરવામાં આવેલ છે. જે બસ ઓનલાઈન રિઝર્વેશન માટે પણ શરૂ કરી દેવામાં આવેલ છે. તો પ્રવાસી જનતાને આ બસનો લાભ લેવા સુરત ડેપો મેનેજર દ્વારા યાદીમાં જણાવવામાં આવે



છે. આ બસ મહુવા, તળાજા, ભાવનગર, વડોદરા અને સુરત આ રૂટ ઉપર દરરોજ નિયમિત રીતે ચાલશે. તો વધુમાં વધુ લોકો આ બસનો લાભ લે તેવું સુરતના ડેપો મેનેજરની યાદીમાં જણાવવામાં આવેલ છે. આ બસ રાજુલાથી દરરોજ સાંજે ૬.૦૦ કલાકે અને સુરતથી સાંજે દરરોજ ૭.૩૦ કલાકે ઉપડશે.

## દામનગર : રસ્તે રઝળતા પશુઓ માટે તંત્રએ યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર

દામનગર, તા. ૯

ચૂંટણી સમયે ઉમેદવારને જીતાડવા માટે મોટી સંખ્યામાં કાર્યકરોને મતદારો પાસે જવાનો સમય હોયછે, એમ સ્થાનિક સમસ્યા હલ કરવા માટે જો એક થઈને કાર્ય કરવામાં આવે તો ફટાફટ અને ધડાધડ પ્રશ્નો હલ થઈ શકે..!! સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર ત્યારેજ સાર્થક થાય જયારે દરેકને સાથે રાખીને જેમ રાજાઓ રૈયતના દુઃખ દૂર કરતા હતા એમ નિષ્પક્ષ રીતે ઊભા થતા પ્રશ્નો અને સમસ્યાઓને હલ કરી શકાય જ. એમાં બે મત ન હોઈશકે.! ગામે-ગામે રસ્તે રઝળી રહેલા મુક પશુઓ માટે રહેવા અને ખોરાક - પાણીની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી કોઈને કોઈ રીતે વાહન ચાલકો અને



રાહદારીઓને ભોગવવી પડતી પરેશાની દૂર કરવા માટે જનતાને સાથે રાખીને પ્રશાસને સંકલન કરીને યોગ્ય અને નક્કર કામગીરી-કાર્યવાહી કરવાનો સમય-સમય બલવાન છે એમ આવી ગયો છે હવે વિચાર કરવાનો સમય નથી. ખોરાક-પાણી માટે જાહેર રસ્તાઓ ઉપર ફરતા મુક પશુઓ માટે કંઈક કરી છૂટવા માટે 'સત્ય-પ્રેમ-કરૂણા' શબ્દોને સાર્થક કરવા જોઈએ એવો મત છે.




























### સુપ્રીમ કોર્ટના પૂર્વ જજોએ કરી માંગ

# પીએમ મોદી-રાહુલ ગાંધીને જાહેરમાં ચર્ચા કરવા આમંત્રણ

**પત્રમાં કહેવામાં આવ્યું છે કે અમે માનીએ છીએ કે અમારા રાજકીય નેતાઓને સાર્વજનિક ચર્ચા દ્વારા સીધા સાંભળવાથી નાગરિકોને ઘણો ફાયદો થશે**

નવી દિલ્હી, તા.૯

દેશની જાણીતી હસ્તીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ખુલ્લી ચર્ચા માટે આમંત્રણ આપ્યું. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ મદન બી લોકુર, દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ અજીત પી શાહ અને ધ હિન્દુના પૂર્વ એડિટર ઈન ચીફ એન રામ દ્વારા બંને નેતાઓને ખુલ્લી ચર્ચા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે અમે માનીએ છીએ કે અમારા રાજકીય નેતાઓને સાર્વજનિક ચર્ચા દ્વારા સીધા સાંભળવાથી નાગરિકોને ઘણો ફાયદો થશે. અમે માનીએ છીએ કે આ અમારી લોકશાહી પ્રક્રિયાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવવામાં મદદ કરશે.

પૂર્વ ન્યાયાધીશ મદન બી લોકુર, પૂર્વ ન્યાયાધીશ એપી શાહ અને વરિષ્ઠ પત્રકાર એન રામ વતી બંને નેતાઓને લખેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે તમે વિવિધ ક્ષમતાઓમાં દેશ પ્રત્યેની તમારી ફરજ બજાવી છે. અમે તમારી પાસે એક પ્રસ્તાવ લઈને આવી રહ્યા છીએ જે અમે માનીએ છીએ કે પક્ષપાતી નથી અને દરેક નાગરિકના હિતમાં છે. ૧૮મી લોકસભાની સામાન્ય ચૂંટણી તેના મધ્યબિંદુ પર પહોંચી ગઈ છે. રેલીઓ અને જાહેર સંબોધનો દરમિયાન, શાસક પક્ષ ભાજપ અને મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસના સભ્યોએ આપણા બંધારણીય લોકશાહીના મૂળ સાથે સંબંધિત મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછ્યા છે.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાને કોંગ્રેસને અનામત, કલમ ૩૭૦ અને સંપત્તિના પુનઃવિતરણ પર જાહેરમાં પડકાર ફેંક્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાનને બંધારણ, ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ અને ચીન પ્રત્યે સરકારની પ્રતિક્રિયા પર સવાલ ઉઠાવ્યા છે અને તેમને જાહેર ચર્ચા માટે પડકાર પણ આપ્યો છે. બંને પક્ષોએ એકબીજાને પોતપોતાના મેનિફેસ્ટો તેમજ સામાજિક ન્યાયની બંધારણીય રીતે સુરક્ષિત યોજના અંગેના તેમના વલણ વિશે પ્રશ્નો પૂછ્યા.

પત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે જનતાના સભ્યો તરીકે, અમે ચિંતિત છીએ કે અમે બંને તરફથી માત્ર આક્ષેપો અને પડકારો સાંભળ્યા છે અને કોઈ અર્થપૂર્ણ પ્રતિસાદ જોયો નથી. જેમ કે આપણે જાણીએ છીએ કે આજનું ડિજિટલ વિશ્વ ખોટી માહિતી, ખોટા નિવેદનો અને હેરફેરની પ્રવૃતિ કરે છે. આ સંજોગોમાં તે સુનિશ્ચિત કરવું મૂળભૂત રીતે મહત્વપૂર્ણ છે કે લોકો ચર્ચાના તમામ પાસાઓ વિશે સારી રીતે શિક્ષિત કરવામાં આવે, જેથી તેઓ મતપેટીઓ પર જાણકાર પસંદગી કરી શકે. તે અમારી ચૂંટણી મતાધિકારની અસરકારક અભ્યાસનું કેન્દ્ર છે.
તેમણે કહ્યું કે અમે માનીએ છીએ કે બંને નેતાઓ દ્વારા આ મુદ્દાઓ પર જાહેર ચર્ચા થવી જોઈએ, જેનાથી જનતાને ઘણા ફાયદા થશે.

બંને નેતાઓના મંતવ્યો સીધા સાંભળીને તેઓ પોતે જ નક્કી કરી શકશે કે કોને સમર્થન આપવું. તેનાથી રાજકીય જાગૃતિ પણ વધશે અને લોકો વધુ માહિતી સાથે મતદાન કરી શકશે. આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી છીએ અને આખું વિશ્વ આપણી ચૂંટણીને ઉત્સુકતાથી જુએ છે. તેથી, આવી જાહેર ચર્ચા એક મોટી મિસાલ સ્થાપિત કરશે.

### ૩૦ દિવસના વિઝા ફ્રી એક્સેસ મળશે

# શ્રીલંકા જવા માટે ભારતીયોને હવે વિઝાની જરૂર નહીં પડે

**પર્યટન ઉદ્યોગના પુનઃર્નિમાણના પ્રયત્નોના ભાગ રૂપે નિર્ણય**

શ્રીલંકા, તા.૯

શ્રીલંકાની સરકારનો નિર્ણય પર્યટન ઉદ્યોગના પુનઃર્નિમાણના પ્રયત્નોના ભાગ રૂપે આવ્યો છે. જેને કોરોના મહામારી અને દેશમાં ચાલી રહેલા આર્થિક અને રાજનૈતિક સંકટોના કારણે ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો છે.

પર્યટકોને મોટી સંખ્યામાં પોતાના દેશમાં આવવાનું પ્રોત્સાહન આપવા માટે શ્રીલંકાએ પોતાની વીઝા પોલિસીને રિન્યૂ કરી છે. ભારત અને છ અન્ય સિલેક્ટેડ દેશોના નાગરિકોને વીઝા ફ્રી એક્સેસને રિન્યૂ કર્યું છે. તેનો ઉદ્દેશ્ય ઈન્ટરનેશનલ પર્યટકો માટે યાત્રાને વધારે સુલભ અને સુવિધાજનક બનાવવાનું છે. આ પહેલમાં ભારત, ચીન, રશિયા, જાપાન, મલેશિયા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા શામેલ છએ. આ દેશોના નાગરીકોને શ્રીલંકામાં ૩૦ દિવસના વિઝા ફ્રી એક્સેસ મળશે. શ્રીલંકાની સરકારનો નિર્ણય પર્યટન ઉદ્યોગના પુનઃર્નિમાણના પ્રયત્નોના ભાગ રૂપે આવ્યો છે. જેને કોરોના મહામારી અને દેશમાં ચાલી રહેલા આર્થિક અને રાજનૈતિક સંકટોના કારણે ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો છે. પાયલેટ પ્રોજેક્ટના રૂપમાં વીઝા ફ્રી એક્સેસ યોજના પર્યટકોને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી હતી. જોકે વિઝા ફ્રી એક્સેસ સિલેક્ટેડ દેશોના વિઝિટરને શ્રીલંકામાં ૩૦ દિવસ સુધી રહેવાની પરવાનગી આપે છે પરંતુ તેમને પોતાના આગમન પહેલા વેબસાઈટ www. srilankaevisa.lkના માધ્યમથી પોતાના વીઝા માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આ ઓનલાઈન અરજી પ્રક્રિયા આવનાર પર્યટકો માટે સિક્યોરીટી ચેકિંગ બનાવી રાખતા પ્રોસેસિંગ સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

### ખાણીપીણીની શોખીનો માટે મોટો ઝટકો

# ડુંગળી-બટાકા, ટામેટાના ભાવ વધતા મોંઘી થઈ ગઈ વેજ-થાળી

**શાકભાજીના ભાવમાં વધારાને કારણે શાકાહારી થાળીમાં ૮ ટકાનો વધારો : માંસાહારી થાળીની કિંમતમાં ઘટાડો**

નવી દિલ્હી, તા.૯

રેટિંગ એજન્સી ક્રિસિલે એક રિપોર્ટ જાહેર કર્યો છે, જે અત્યંત ચોંકાવનારો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડુંગળી, ટામેટા અને બટાકાની કિંમતના કારણે એપ્રિલમાં ઘરમાં બનેલી શાકાહારી થાળીની કિંમત ૮ ટકા વધીને ૨૭.૪ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ગયા વર્ષે આ મહિનામાં તેની કિંમત ૨૫.૪ રૂપિયા હતી. રેટિંગ એજન્સી ક્રિસિલના 'રોટી ચાવલ રેટ' રિપોર્ટ અનુસાર, નોનવેજ ચાહકો માટે સારા સમાચાર છે. કારણ કે, સસ્તા બ્રોઈલરને કારણે માંસાહારી થાળીની કિંમતમાં મોટો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન માંસાહારી થાળીની કિંમત ૫૮.૯ રૂપિયાથી ૪ ટકા ઘટીને ૫૬.૩ રૂપિયા થઈ ગઈ છે.

શાકાહારી થાળીમાં રોટલી, ડુંગળી, ટામેટા, બટેટા, ચોખા, દાળ, દહીં અને સલાડનો સમાવેશ થાય છે. માંસાહારી થાળીમાં સમાન ખાદ્ય પદાર્થો હોય છે, પરંતુ દાળની જગ્યાએ ચિકન (બ્રોઈલર) આવે છે. ઘરે બનાવેલી થાળીની સરેરાશ કિંમત ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં ઈનપુટ કિંમતોના આધારે ગણવામાં આવે છે.

ક્રિસિલે જણાવ્યું હતું કે રવી પાકોમાં રેકોર્ડબ્રેક ઘટાડો અને પશ્ચિમ બંગાળમાં બટાકાના પાકને નુકસાન થવાને કારણે ડુંગળીની ઓછી આવકને કારણે ભાવમાં વધારો થયો છે. ચોખા અને કઠોળના ભાવમાં પણ વર્ષ-દર-વર્ષે (Y-o-Y) ૧૪ ટકા અને ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. તો જીરું, મરચાં અને વનસ્પતિ તેલના ભાવમાં અનુક્રમે ૪૦ ટકા, ૩૧ ટકા અને ૧૦ ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે શાકાહારી થાળીની કિંમતમાં વધુ વધારો થયો નથી.

રિપોર્ટ કહે છે કે, બ્રોઈલર ચિકનના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જે પ્લેટની કુલ કિંમતના ૫૦ ટકા હિસ્સો બ્રોઈલર ચિકનના ભાવમાં ઘટવાને કારણે આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ડુંગળીના ભાવમાં ૪ ટકા અને ઈંધણની કિંમતમાં ૩ ટકાના ઘટાડાને કારણે એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત સ્થિર રહી હતી. ટામેટાં અને બટાકાના ભાવ સતત વધી રહ્યા છે. માંસાહારી થાળીની કિંમતમાં માર્ચની સરખામણીમાં ૩ ટકાનો વધારો થયો છે કારણ કે બ્રોઈલર માંગમાં વધારો અને ઈનપુટ ખર્ચમાં વધારો થયો છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સનાં ડાયરેક્ટર પુષણ શર્માના જણાવ્યા અનુસાર, શાકભાજીના ભાવ નજીકના ભવિષ્યમાં "ઉંચા" રહેવાની શક્યતા છે. તેમણે કહ્યું કે નવેમ્બર ૨૦૨૩થી શાકાહારી અને માંસાહારી થાળીના ભાવમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે.

શાકાહારી થાળી દર વર્ષે મોંઘી બની રહી છે, જ્યારે માંસાહારી થાળી સસ્તી થઈ રહી છે. તેનું મુખ્ય કારણ બ્રોઈલરના ભાવમાં ઘટાડો છે, જ્યારે ડુંગળી, બટેટા અને ટામેટા જેવા શાકભાજીના ભાવમાં વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે અમને આશા છે કે શાકભાજીના ભાવ સ્થિર રહેશે. જોકે, ઘઉં અને કઠોળના ભાવમાં અપેક્ષિત ઘટાડો થોડી રાહત આપશે.

### સુરતની નવી સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવી

# સિવિલમાં સારવાર લેતા દર્દીને કોઈ પણ વ્યવસ્થા વગર આપી દેવામાં આવી રજા

**ડોક્ટરએ દર્દીને બેડ ખાલી કરાવી દેવાનું કહ્યું અને ડોક્ટરએ બેડ ખાલી નહીં કરે તો પોલીસ આવીને ખાલી કરાવશે બેડ એવા આક્ષેપો પરિવાર દ્વારા કરવામાં આવ્યા**

સુરત, તા.૯

સુરતની નવી સિવિલ હોસ્પિટલનું તંત્ર જાણે ખખડ ધજ હોય તેવું લાગી રહ્યું છે.હાલ ફરી એકવાર સુરતની નવી સિવિલ હોસ્પિટલ વિવાદમાં આવી છે.માહિતી અનુસાર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીને કોઈ પણ વ્યવસ્થા વગર આપી દેવામાં આવી રજા .જી હા દર્દીને બેડ ખાલી કરી દેવામાટે ફોર્સ કરવામાં આવ્યો હતો તેમજ તેને કોઈ પણ વ્યવસ્થા વગર સારવાર આપવામા આવી હતી. સુરતમાંથી આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, અહીં સિવિલ તંત્ર દ્વારા ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે, સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતો દર્દી ને કોઈ પણ પ્રાથમિક વ્યવસ્થા વગર રજા આપી દેવાઈ હતી, જે બાદ દર્દી સવારથી બાકડા પર સૂતો રહ્યો અને રઝળતો રહ્યો હતો, સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલના ડોક્ટરએ દર્દીને બેડ ખાલી કરાવી દેવાનું કહ્યું અને ડોક્ટરએ બેડ ખાલી નહીં કરે તો પોલીસ આવીને ખાલી કરાવશે બેડ એવા આક્ષેપો પરિવાર દ્વારા કરવામાં આવ્યા છે, જેથી પોલીસના ડરથી દર્દી સવારે બેડ ખાલી કરી બાકડા પર રઝડતી હાલતમાં જોવા મળ્યો હતો.
આ મામલે મીડિયાએ દર્દીની નોંધ લેતા સિવિલ તંત્ર દોડતું થયું હતું અને તાત્કાલિક દર્દીને ફરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યું હતું,
અવાર નવાર ચર્ચામાં આવતી સિવિલ હોસ્પિટલ ફરી એક વાર ચર્ચામાં આવી છે,મળતી માહીતી અનુસાર હોસ્પિટલમાં દર્દી બાકડા પર રજળતી હાલતમાં જોવા મળ્યો હતો જેને ડોક્ટરોએ ચાલુ સારવારે બેડ ખાલી કરવા માટે કહ્યું હતું પરિવારનો આક્ષેપ છે કે સિવિલ હોસ્પિટલના ડોક્ટરએ દર્દીને બેડ ખાલી કરાવી દેવાનું કહ્યું હતુ તેમજ જો બેડ ખાલી નહિ કરે તો પોલીસ આવીને ખાલી તેમનો બેડ ખાલી કરાવશે તેવી ધમકી પણ આપી હતી.જેના કરને દર્દીએ સ્વર થતા પહેલાજ બેડ ખાલી કરી દીધો હતો અને જઈને બાકડા પર સુઈ ગયો હતો.

ત્યાર બાદ મીડિયાએ દર્દીની નોંધ લઈ સમગ્ર ઘટનાની જાણકારી મેળવી હતી,જેના પછી સમગ્ર સિવિલ તંત્ર થયું દોડતું થયું હતું. અને તેમને ફરી દર્દીને વોર્ડમાં દાખલ કરવાની ફરજ પડી હતી. આપને જણાવી દઈએદ ર્દી સવારથી બાકડા પર રજડતી હાલતમાં જોવા મળ્યો હતો. જેને કારણે સમગ્ર પરિવાર ચિંતામાં હતો.

### પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેન્ડેન્ટ ગાડીમાંથી ૭ લાખ રોકડા મળ્યા

# ગોધરામાં NEETની પરીક્ષામાં મોટા કૌભાંડનો ખુલાસો થયો

**એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખ રૂપિયા લેવામાં આવવાના હતા અને તેના બદલામાં પરીક્ષામાં ચોરી કરાવવાની અને પાસ કરાવવાની ડીલ થઈ હતી**

ગોધરા, તા.૯

કલેક્ટરને મળેલી બાતમીના આધારે નીટની પરીક્ષા કેન્દ્ર ઉપર જિલ્લા અધિક કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીની તપાસ ટીમો દ્વારા તપાસ કરાતા પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેન્ડેન્ટની ગાડીમાંથી રૂ. ૭ લાખ રોકડા મળી આવ્યા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપરિન્ટેન્ડન્ટના મોબાઈલમાંથી વ્હોટ્સએપ ચેટમાં કુલ છ વિદ્યાર્થીઓને ચોરી કરાવી. એક વિદ્યાર્થી દીઠ દસ લાખ રૂપિયા લેવાનું નક્કી થયા હોવાનું પણ સામે આવ્યું હતું. ગોધરા તાલુકા પોલીસમથકે ફરિયાદ નોંધાયા બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.
પંચમહાલ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા કિરીટ મણીલાલ પટેલે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત ૫ મેના રોજ તેઓને સૂચના મળી હતી કે, ગોધરાના પરવડી ચોકડી પાસે આવેલી જય જલારામ સ્કૂલમાં ર્દ્બઈઈ્‌ની પરીક્ષા લેવાની છે, આ પરીક્ષામાં તુષાર ભટ્ટ નામનો ઈસમ ગેરરીતિ આચરનાર છે, જેના આધારે જિલ્લા શિક્ષણાધિકારી તેઓની ટીમ સાથે સવારે ૧૦ કલાકે પરવડી ખાતે આવેલી જય જલારામ સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં પ્રિન્સિપાલ ચેમ્બરમાં શાળાનો સ્ટાફ હાજર હતો. જ્યાં તમામ વ્યક્તિઓની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં તુષાર ભટ્ટ નામનો વ્યક્તિ પણ હાજર હતો. તુષાર ભટ્ટે પોતે પરીક્ષા સેન્ટરના સેન્ટર ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ હોવાનું જણાવ્યું હતું. જે બાદ તેઓ પાસે રહેલા બે ફોનની તપાસ કરવામાં આવી હતી. જેમાં બે પૈકીના એક મોબાઈલ ફોનમાંથી તપાસ દરમિયાન વ્હોટ્સએપમાં પરશુરામ રોય નામની ચેટમાં કોમ્પ્યુટર સ્ક્રીનમાંથી મોકલેલા ત્રણ ફોટા મળી આવ્યા હતા. જેમાં ૧૧ પરીક્ષાર્થીઓના નામો તથા તેની સામે રોલ નંબર અને પરિક્ષા કેન્દ્રનું સરનામું લખેલું મળી આવ્યું હતું. ત્યાર બાદ અન્ય મેસેજમા પરીક્ષાર્થીની વિગતો મળી આવી હતી. જે બાબતે શિક્ષણ વિભાગની ટીમે પુછતા તમામ વિગતો વડોદરાની રોય ઓવરસીસના માલીક પરશુરામ રોય નામના ઈસમે મોકલ્યો હોવાનું જણાવ્યું હતું. મેસેજમાં જણાવ્યા મુજબના નામવાળા પરીક્ષાર્થીઓ અમારી સ્કૂલમાં NEETની પરીક્ષા આપવા આવનાર છે. તેઓને પેપર સોલ્વ કરી આપવા માટે એક પરિક્ષાર્થી દીઠ રૂ. ૧૦ લાખ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે, તેવી હકીકત તુષાર ભટ્ટ નામના ઈસમે જિલ્લા શિક્ષણ વિભાગની ટીમને જણાવ્યું હતું. જે બાદ શિક્ષણ વિભાગની ટીમે તુષાર ભટ્ટ નામના ઈસમને અન્ય પરીક્ષાર્થીઓનું પુછતા યોગ્ય પ્રત્યુત્તર ન આપ્યો હતો. જેથી તેઓના મોબાઈલ ફોનમાં તપાસ કરતા મોબાઈલ ફોનની ગેલેરીમાંથી બોલપેનથી લખેલા નામ, રોલ નંબર તથા થર્મલ લખેલો ફોટો મળી આવ્યો હતો. જે બાબતે પુછતા જલારામ ગ્રુપની થર્મલ તથા ગોધરા ખાતે આવેલા સ્કુલમાં NEETની પરિક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓના નામ અને રોલ નંબરનું લીસ્ટ છે અને તેઓને પેપર સોલ્વ કરી આપવાનું છે, તેવી હકીકત જણાવી હતી.જે બાદ તુષાર ભટ્ટ નામના ઈસમે પોતાના હાથમાં પકડી રાખેલા બે લીસ્ટ માંગતા તેઓએ રજૂ કર્યું હતું. જેમાં થર્મલ ખાતે આવેલી જય જલારામ સ્કૂલ અને પરવડી ખાતે આવેલી જય જલારામ સ્કૂલના સેન્ટર નંબર લખ્યા હતા. બે લીસ્ટ પૈકી થર્મલ સેન્ટરના લિસ્ટમાં ૨૦ પરીક્ષાર્થીઓના નામો વાદળી તથા લાલ કલરની પેનથી લીટી દોરી માર્કિંગ કરેલા હતા, જ્યારે પરવડી ય જલારામ સ્કૂલના લિસ્ટમાં ૬ પરીક્ષાર્થીઓના નામ નીચે લાલ બોલ પેનથી લીટી દોરી માર્કીંગ કરેલું મળી આવ્યું હતું. જે બંને લીસ્ટ તથા મોબાઈલ ફોનમાં વ્હોટ્સએપ તેમજ ગેલેરી એપ્લીકેશનમાંથી મળી આવેલા નામ રોલ નંબર તથા કેન્દ્રના નામ બાબતે પુછતા તેઓએ જણાવ્યું હતું કે, આ પરીક્ષાર્થીઓને NEET પરિક્ષા આપવા બેસનાર છે પરિક્ષામાં વિદ્યાર્થીઓને આવડતા પ્રશ્નોના જવાબ લખવાના હતા અને બાકીના જવાબ ઉત્તરવહીમાં જે તે સ્થિતિમાં કોરા મુકી દેવાના હતા. જે પરિક્ષા પુર્ણ થાય અને સુપરવાઈઝર પરિક્ષાખંડમાંથી લેબમાં આવે અને ઓએમઆર શીટ જમા કર્યા બાદ નક્કી કરેલા રોલ નંબરવાળા પરીક્ષાર્થીઓના જવાબવહીમાં જવાબ લખી આપવાના હોવાનું જણાવ્યું હતું. વધુ પુછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, ૬ પરીક્ષાર્થીઓના નામનું લીસ્ટ ગોધરાની હિલપાર્ક સોસાયટીમાં રહેતા આરીફ વોરા નામના ઈસમે આપ્યું હતું. તેઓએ પણ એક પરિક્ષાર્થી દીઠ રૂ. ૧૦ લાખ પાસ કરવા તેમજ મેરીટમાં આવે તે માટે નક્કી કર્યા હતા અને આ આરીફ વોરાએ તેઓને રૂ. ૭ લાખ સવારના સમયે તેના ઘરે બોલાવીને આપ્યા હતાં. તુષાર ભટ્ટની કારની તપાસ કરતા ૭ લાખ રોકડ મળી આવ્યા હતા.
આરીફ વોરા નામના ઈસમે પરિક્ષાર્થીઓને પેપર સોલ્વ કરીને મેરીટમાં આવે તે હેતુસર એડવાન્સ આપ્યા હોવાનું તુષાર ભટ્ટ નામના ઈસમે જણાવ્યું હતું. આમ તુષાર રજનીકાંત ભટ્ટે પોતે રાજ્યસેવક તરીકે ગોધરાની જય જલારામ સ્કૂલ ખાતે ભૌતિક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવતા તેઓને ર્દ્બઈઈ્‌ની પરિક્ષામાં ડેપ્યુટી સેન્ટર સુપરિન્ટેન્ડન્ટ તરીકેની નિમણૂંક આપવમાં આવી હતી. તેઓએ કેટલાક પરીક્ષાર્થીઓને પાસ કરવા માટે ગેરરીતિ આચરવા માટે અને અન્ય પરિક્ષા આપનાર પરિક્ષાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી પોતાના આર્થીક લાભ માટે ગોધરાના આરીફ વોરા પાસેથી રૂ. ૭ લાખ એડવાન્સ તેમજ પરશુરામ રોય નામના ઈસમ પાસેથી પરીક્ષાર્થી દીઠ રૂ. ૧૦ લાખ લેવાનું નક્કી કરીને કૌભાંડ આચર્યું હતું. સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકે ત્રણ ઈસમો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જય જલારામ સ્કૂલ ગોધરાના શિક્ષક તુષાર ભટ્ટ, વડોદરાના રોય ઓવરસીઝ નામની કંપનીના માલિક પરશુરામ રોય અને ગોધરાના આરીફ વોરા નામના ઈસમ સામે વિશ્વાસઘાત, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

### વડોદરાના કમલાનગર ખાતેના બૂથની ઘટના

# ભાજપ કાર્યકરે ભાજપ મહિલા કોર્પોરેટરની છેડતી કર્યાનો આક્ષેપ

વડોદરા, તા.૯

લોકસભાની ચૂંટણીમાં મતદાન સમયે ભાજપ કાર્યકરે ભાજપ મહિલા કોર્પોરેટરની છેડતી કર્યાનો વડોદરામાં આક્ષેપ ઉઠ્યો છે. વડોદરાના કમલાનગર ખાતેના બૂથની આ ઘટના છે. જેમાં ભાજપ મહિલા કોર્પોરેટરે પોલીસ કમિશનરને ભાજપ કાર્યકર હિરેન બ્રહ્મભટ્ટ વિરુદ્ધ અરજી આપી છે. ભાજપ મહિલા કોર્પોરેટરે આક્ષેપ કર્યો કે, યુવકે મારો હાથ પકડી અસભ્ય વર્તન કર્યું છે.ગુજરાતભરમાં ૭ મેના રોજ મતદાન થયુ હતું. જેમાં વડોદરામાં પણ શાંતિથી મતદાન થયુ. આ વચ્ચે કમલાનગર બૂથ પર માહોલ ગરમાયો હતો. આ ઘટના બાદ ભાજપની મહિલા કોર્પોરેટરે બૂથ પર ભાજપના કાર્યકર્તા હિરેન બ્રહ્મભટ્ટ સામે આક્ષેપ કર્યો છે. હિરેન બ્રહ્મભટ્ટ સ્વામી વિવેકાનંદ ગુજરાત સ્ટેટ યૂથ બોર્ડના સેન્ટ્રલ ગુજરાત ઝોનનો ઈન્ચાર્જ તેમજ ભાજપના OBC મોરચામાં કારોબારી સભ્ય છે. મહિલા કોર્પોરેટરે આક્ષેપ કરતા કહ્યું કે, મલાનગર બૂથ પર ભાજપના મહિલા નેતા અને ભાજપના કાર્યકર વચ્ચે ચકમચ ઝરી હોવાનું સામે આવ્યું છે. વડોદરા શહેરમાં ભાજપના મહિલા કોર્પોરેટર મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન મથકે ગયા હતા અને બુથ એજન્ટ સાથે વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન હિરેન બ્રહ્મભટ્ટ ત્યાં આવ્યો હતો અને ગમે તેમ બોલવા લાગ્યો હતો. મેં તેને બિભત્સ ગાળો બોલતા અટાવ્યો હતો, પરંતુ હિરેન બ્રહ્મભટ્ટે પોતે ભાજપનો રાષ્ટ્રીય કાર્યકર હોવાનું કહીને મહિલા કોર્પોરેટરનો હાથ પકડીને ખેંચ્યો હતો. આ બાદ મેં સંગઠનમાં ફરિયાદ કરી છે. સાથે જ પોલીસ વિભાગને પણ અરજી કરીને ફરિયાદ કરી છે. વડોદરામાં ભાજપ કોર્પોરેટર ડો રાજેશ શાહનો અછોડો તૂટવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. ડો.રાજેશ શાહ બાલ ભવન રોડ પર વહેલી સવારે સાયકલિંગ કરતાં હતાં તે સમયે ગઠિયાઓ અછોડો તોડી ફરાર થયા હતા. બાઈક પર માસ્ક પહેરેલ બે ગઠિયાઓએ અછોડો તોડ્યો હતો. વડોદરામાં ભાજપ કોર્પોરેટર સુરક્ષિત નથી તો સામાન્ય નાગરિક કેવી રીતે સુરક્ષિત રહેશે? ઉલ્લેખનીય છે કે, ગઈકાલે એક સાથે અલગ અલગ વિસ્તારમાંથી ૪ અછોડા તૂટ્યા હતા.

### ફિલ્મનું શૂટિંગ જૂનથી શરૂ કરવા જઈ રહ્યા છે

# સિકંદર ફિલ્મમાં રશ્મિકા મંદન્ના અને સલમાન ખાન એક સાથે જોવા મળશે

**સિકંદર સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન હાઉસ હેઠળ બની રહી છે અને તેનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરશે**

મુંબઈ, તા.૯

અદભૂત અભિનયને કારણે નેશનલ ક્રશનું બિરૂદ પામેલી અને 'એનિમલ' અને 'પુષ્પા' જેવી સુપરહિટ ફિલ્મોની અભિનેત્રી હવે રશ્મિકા મંદન્ના તેણી અદાથી ફરીથી દર્શકોને આકર્ષવા જઈ રહી છે. રણબીર કપૂર બાદ હવે ૫૮ વર્ષના બોલિવૂડ હીરો સાથે કામ કરશે રશ્મિકા મંદાના. રશ્મિકા હવે સલમાન ખાનની 'સિકંદર'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે ભાઈજાન સાથએ ઈશ્ક ફરમાવશે. ફિલ્મનાં ચાહકોને ૨૦૨૫ની ઈદમાં સલમાન અને રશ્મિકાની અનોખી જોડી જોવા મળશે. આ ફિલ્મને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.સિકંદર સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન હાઉસ હેઠળ બની રહી છે અને તેનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરી રહ્યા છે. જેમાં પ્રોડક્શન હાઉસે તેના સોશિયલ મીડિયા પર ફિલ્મમાં રશ્મિકાની એન્ટ્રીની સત્તાવાર જાહેરાત પણ કરી દીધી છે. સલમાન ખાનની ફિલ્મ સિકંદરની જ્યારથી જાહેરાત થઈ છે ત્યારથી લોકો તેની રિલીઝ ડેટની રાહ જોઈ રહ્યા છે. નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ ડેટ અંગે પણ સત્તાવાર જાહેરાત કરી છે. કિક', 'જુડવા' અને 'મુઝસે શાદી કરોગી' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનારા સાજિદ નડિયાદવાલા હવે તેમના ખાસ મિત્ર સલમાન ખાન અને હોટ બેબ રશ્મિકા મંદન્નાને લઈને 'સિકંદર' ફિલ્મ બનાવી રહ્યા છે. ફિલ્મની બાકીની કાસ્ટ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. તેઓ 'ગજની' અને 'હોલિડેઃ અ સોલ્જર ઈઝ નેવર ઑફ ડ્યુટી' જેવી મહાન ફિલ્મોના દિગ્દર્શન માટે જાણીતા છે. સાજિદ નડિયાદવાલાએ રશ્મિકા મંદાનાને આ ફિલ્મની સ્ટોરી સંભળાવી ત્યારે એકટ્રેસ આ રોલને લઈને ખૂબ જ ઉત્સાહિત થઈ ગઈ. તેણે તરત જ ફિલ્મ કરવા માટે હા પાડી દીધી હતી.
સૂત્રોનું માનીએ તો સિકંદર માત્ર એક એક્શન ફિલ્મ નથી. આ એક ખૂબ જ મજબૂત સ્ટોરી છે જે ડ્રામા અને લાગણીઓથી ભરેલી છે. આ એવી બાબતો છે જેના માટે સલમાન અને રશ્મિકા બંને ફિલ્મ કરવા માટે ઉત્સાહિત છે. સિકંદર માટે સલમાન અને સાજિદ ફરી એકવાર સાથે આવી રહ્યા છે. આ પહેલા બંનેએ કિકમાં સાથે કામ કર્યું હતું. હવે પ્રી-પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે. રિપોર્ટ્સનું માનીએ તો રશ્મિકા અને સલમાન જૂનથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સલમાન ખાન છેલ્લે 'ટાઈગર ૩'માં કેટરિના કૈફ સાથે જોવા મળ્યો હતો. રશ્મિકા મંદન્નાની વાત કરીએ તો તે રણબીર કપૂર સાથે 'એનિમલ'માં જોવા મળી હતી. હવે તે આગામી 'કુબેર', 'રેનબો', 'ધ ગર્લફ્રેન્ડ' ઉપરાંત સુકુમારની 'પુષ્પા ૨: ધ રૂલ' ફિલ્મમાં જોવા મળશે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, રશ્મિકા હાલમાં એનિમલની સફળતાનો આનંદ માણી રહી છે. જ્યારે સિકંદર ફિલ્મમાંથી રશ્મિકાના લુક પણ સામે આવ્યા છે. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

### ગરમી વચ્ચે ત્રણ દિવસ બાદ વરસાદની આગાહી

# ૧૧થી ૧૩મે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી શકે છે

**દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજ અને ગરમ પવન ફૂંકાશે**

અમદાવાદ, તા.૯

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં પડી રહી છે. તો રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સુરેન્દ્રનગરમાં ૪૩.૧ ડિગ્રી તો અમદાવાદમાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જોકે, ગુજરાતના વાતાવરણમાં જોરદાર મોટો પલટો આવવાનો છે. ભર ઉનાળે વાદળો બંધાશે અને વરસાદ આવશે. ગુજરાતમાં આંધી અને તોફાન સાથે વરસાદ આવશે તેવી અંબાલાલ પટેલની આગાહી છે. ૧૧ તારીખથી રાજ્યના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડવાની આગાહી છે. દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે.

ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૧થી ૧૩મે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતની સાથે સાથે મધ્યગુજરાતમાં પણ વરસાદ આવી શકે છે. વરસાદની આગાહી છતાં ગુજરાતને હાલ ગરમીમાંથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. આગામી ચાર દિવસ સુધી આવી જ ગરમીનો સામનો કરવો પડશે. દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજ અને ગરમ પવન ફૂંકાશે. જોકે, છેલ્લા બે દિવસથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ રહ્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા અને ગઈકાલે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું આગમન થયુ હતું. જેથી આ વિસ્તારના લોકોને કાળઝાળ ગરમીથી થોડી રાહત મળી હતી. આ જિલ્લામાં વાતાવરણમા પલટો આવતા ઠંડક પ્રસરી હતી. અંબાલાલ પટેલની આગાહી મુજબ ૧૦થી ૧૪ મે વચ્ચે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આંધી વંટોળ સાથે વરસાદ વરસી શકે છે. ૧૦થી ૧૪ મે વચ્ચે હવામાનમાં પલટા બાદ ફરી ૨૦ મે બાદ ગરમીમાં વધારો થશે. તો ઉત્તર ગુજરાતના ભાગોમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી જવાની આગાહી કરાઈ છે. આમ રાજ્યમાં આવનારા ૨૦ દિવસોમાં ભારે ગરમી અને કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. જોકે, ૭ જૂનથી સાગરમા પવનો બદલાતા ફરી વરસાદ આવશે. ૮ થી ૧૪ જૂનમાં આંધીવંટોળ સાથે વરસાદની શક્યતા છે. ૧૭ જૂન બાદ ભારે આંધી વંટોળ સાથે વરસાદ રહેશે. જેઠ વદમાં શ્રવણ પંચકમાં વરસાદ થાય તો સારો વરસાદ થવાની શક્યતા છે. આ બાદ ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી થશે.

એપ્રિલ મહિનામાં ગરમીએ તમામ રેકોર્ડ તોડ્યા છે. અત્યાર સુધીનો સૌથી વધુ ગરમી એપ્રિલ મહિનામાં રહી છે. વિશ્વભરમાં એપ્રિલ મહિનામાં તાપમાન વધુ અનુભવાયું છે. ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરનું પરિણામ હવે દેખાઈ રહ્યું છે. એપ્રિલ ૨૦૧૬નો રેકોર્ડ એપ્રિલ ૨૦૨૪માં તૂટી ગયો છે. જોકે, આ તો માત્ર ટ્રેલર છે, આગામી સમયમાં સરેરાશ વૈશ્વિક તાપમાન હજી વધવાની શક્યતા છે.

### વિદેશ મંત્રી એસ જયશંકરનો પુનરોચ્ચાર

# નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા પ્રતિબદ્ધ

**વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધી રહ્યા હતા ત્યારે આ નિવેદન આપ્યું**

નવી દિલ્હી, તા.૯

ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીઓ હવે અસરકારક રીતે ચૂંટણી પ્રચાર કરી રહી છે. ભાજપ પાકિસ્તાન, રામ મંદિર અને મુસ્લિમના મુદ્દા પર પ્રચાર કરી રહી છે.ત્યારે ફરી એકવાર POKનું નામ લઈને પ્રચારને વધુ વેગવતું બનાવ્યું છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અંગે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે.

તમને જણાવી દઈએ કે વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કેવી રીતે મોદી સરકારે ભારતીય બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી, જ્યારે લોકોની માન્યતાઓ સંપૂર્ણપણે અલગ હતી.

વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અંગે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે. વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કેવી રીતે મોદી સરકારે ભારતીય બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી, જ્યારે લોકોની માન્યતાઓ સંપૂર્ણપણે અલગ હતી.

હું PoKના સંદર્ભમાં એટલું જ કહી શકું છું કે સંસદમાં એક ઠરાવ છે અને દેશની દરેક રાજકીય પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે PoK, જે ભારતનો ભાગ છે, તે ભારત પરત આવે. તેમણે આગળ કહ્યું, હું ચોક્કસપણે કહેવા માંગુ છું કે ૧૦ વર્ષ પહેલા અથવા ૫ વર્ષ પહેલા પણ લોકોએ અમને આ પૂછ્યું ન હતું.

જયશંકરે કહ્યું કે જ્યારે અમે કલમ ૩૭૦ નાબૂદ કરી, ત્યારે હવે લોકો સમજે છે કે PoK પણ મહત્વપૂર્ણ છે.આ પહેલા રવિવારે વિદેશ મંત્રીએ જાહેરાત કરી હતી કે POK ક્યારેય ભારતની બહાર નહીં જાય.

ઓડિશામાં એક કાર્યક્રમમાં એક પ્રશ્નનો જવાબ આપતા જયશંકરે કહ્યું હતું કે, "PoK ક્યારેય આ દેશની છાજર નથી રહ્યો. તે આ દેશનો એક ભાગ છે. સંસદનો ઠરાવ છે કે PoK સંપૂર્ણપણે ભારતનો ભાગ છે.

## શાળા પરિવાર દ્વારા આતશબાજી અને મીઠાઈનું વિતરણ

# બાબરાની પંચશીલ વિદ્યાલયનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું શ્રેષ્ઠ પરિણામ

**શાળાનુ પરિણામ ૯૭.૩૫ ટકા જેમાં પાંચ વિદ્યાર્થીઓએ ટોપ ફાઈવમાં સ્થાન મેળવ્યું**

**૨૦ જેટલા પરીક્ષાર્થીઓએ ૯૦ પીઆર મેળવીને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ**

**પરીક્ષાર્થી હેમાંશી રાદડીયા એ ૯૯.૭૫ પીઆર જેમાં ૪ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા**

**ટ્રસ્ટી પ્રકાશભાઇ ગોલેતર, અરવિંદભાઇ ધોળકીયા અને મહેશભાઇ કોરાટે પરીક્ષાર્થી અને શાળા ટીમને અભિનંદન પાઠવ્યા**



બાબરા, તા. ૯

રાજયમાં આજે ધોરણ ૧૨ નું સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું શાળા પરિવાર દ્વારા ઉજ્જવળ પરિણામ આવતા ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

બાબરામાં આવેલ ખાનગી માપ્રયમિક અને ઉચ્ચતર માપ્રયમિક શાળા પંચશીલ શાળાનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ નું ૯૭ .૪૫% આવતા શાળા પરિવાર આનંદ થી ઝૂમી ઉઠ્યા હતા આતશબાજી અને મીઠાઈ વિતરણ કરી ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

ધોરણ ૧૨માં સામન્ય પ્રવાહ પરિણામમાં પંચશીલ શાળાના પાંચ જેટલા વિધાર્થીઓ તાલુકામાં ટોપ ફાઈવમાં સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગેરવ વધાર્યુ હતું. જેમાં હેમાંશી રાદડિયા એ ૯૯.૭૫ પીઆર મેળવી તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું તેમજ આંકડા શાસ્ત્ર, નામાંના મૂળ તત્વો, એસ પી સીસી તેમજ બીએ જેવા વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી શાળાનું સમગ્ર રાજયમાં ગેરવ વધાયું હતું તેમજ શાળાના ૨૦ જેટલા વિધાર્થીઓએ ૯૦ પ્લસ પીઆર મેળવી શાળાનું ગૌરવ વધાયું હતું પંચશીલ વિદ્યાલયના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર, અરવિંદભાઈ ધોળકિયા, મહેશભાઈ કોરાટ દ્વારા તમામ વિધાર્થીઓ અને શાળાના શિક્ષક સ્ટાફ ને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

ભગવાન શ્રી પરશુરામજી ના ચરણોમાં કોટી કોટી વંદન
ભગવાન શ્રી પરશુરામના પ્રાગટ્ય દિવસ નિમિત્તે સર્વોને શુભકામનાઓ સહ ભગવાન શ્રી પરશુરામના ચરણોમાં વંદન
નીતિનભાઈ ત્રિવેદી
ચેરમેનશ્રી, શ્રી ક્રિષ્ના કેડિટ કો.ઓપરેટીવ સોસાયટી લી.
મુ. લીલીયા, તા. જી. અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,290/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ભગવાનશ્રી પરશુરામજીનાં પ્રાગટયદિને કોટિ કોટિ વંદન
गुरु हैं वो करण के,
अंतर जाने आनंत
और मरण के।
नमन करता सारा
संसार जिसे,
बने जल भी अमृत
उनके चरण के।
મજેદાર મસાલા પરિવાર - અમરેલી
ગોપાલ ફુડ્સ

ભગવાનશ્રી પરશુરામજીનાં પ્રાગટયદિને કોટિ કોટિ વંદન
आप सभी को भगवान परशुराम जयंती की हार्दिक शुभकामनायें।
કોટી કોટી... વંદન.. કર્તા...
મહેશભાઈ મહેતા
પૂ. રતિદાદા (મેનેજીંગ ટ્રસ્ટી)
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-ચલાલા
ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ, મીઠાપુર (ડું.) ચલાલા.

ભગવાન શ્રી પરશુરામજી ના ચરણોમાં કોટી કોટી વંદન
ભગવાન શ્રી પરશુરામના પ્રાગટ્ય દિવસ નિમિત્તે સર્વોને શુભકામનાઓ સહ ભગવાન શ્રી પરશુરામના ચરણોમાં વંદન
મૌલિક ઉપાધ્યાય
મહામંત્રી
અમરેલી જિલ્લા યુવા ભાજપ

ભગવાનશ્રી પરશુરામજીનાં પ્રાગટયદિને કોટિ કોટિ વંદન..
परशुराम जयंती की शुभकामनाएं
नाश अधर्मी तत्वों का कर परम
धरम के धाम की जय
विष्णु अवतारी महामुनि प्रभु
श्री परशु राम की जय
વેપારી મહામંડળ - અમરેલી

NETRA CHIKITSA TRUST
SCHOOL OF NURSING -AMRELI
WE ARE HIRING
Nursing Tutor
QUALIFICATION
B.Sc Nursing
JOIN NOW
Send your resume
7984691227
Time: 9 to 5

ભગવાન શ્રી પરશુરામજી ના ચરણોમાં કોટી કોટી વંદન
ભગવાન શ્રી પરશુરામના પ્રાગટ્ય દિવસ નિમિત્તે સર્વોને શુભકામનાઓ સહ ભગવાન શ્રી પરશુરામના ચરણોમાં વંદન
રાજેશભાઈ કાબરીયા
પ્રમુખ : અમરેલી જિલ્લા ભાજપ

Sheetal
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ
મસાલા છાશ
₹20/-

## ભાજપા પ્રમુખનાં મેન્ડેન્ટની ઐસીતૈસી કરીને દિલીપ સંઘાણીનાં સમર્થનથી

# ઈફ્કોનાં ડાયરેક્ટરપદે જયેશ રાદડીયાનો ભવ્ય વિજય

### ભાજપનાં પ્રમુખ સી.આર. પાટિલનાં મેન્ડેન્ટ પર ચૂંટણી લડતા બિપિનભાઈ પટેલનો થયો પરાજય

### જયેશ રાદડીયાને કુલ ૧૮૦માંથી ૧૧૬ અને તેમનાં હરિફને માત્ર ૬૬ મત મળ્યા

### સહકારી ક્ષેત્રમાં ભાજપા પ્રદેશ પ્રમુખે શરૂ કરેલ મેન્ડેન્ટ પદ્ધતિ સફળ ન થઈ

### ગુજરાત ભાજપનાં કદાવર નેતા દિલીપ સંઘાણીએ ખુલ્લેઆમ જયેશ રાદડીયાને કર્યુ સમર્થન

અમરેલી, તા. ૯

ઈફકોનાડીરેકટરનીચુંટણીમાં ભાજપનુંજમોટુમાથુઅનેપ્રદેશપ્રમુખના ઉમેદવાર બીપીનભાઈ પટેલ (ગોતા)નો ભાજપનાજદિગ્ગજજયેશભાઈરાદડીયા સામેપરાજયથયોછે.

આજ રોજ ખેડુતોની દેશની સૌથી મોટી સહકારી સંસ્થા ઈન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર્સ કો–ઓપરેટીવ લીમીટેડ ''ઈફકો'' ની ગુજરાત વિભાગની ડીકેકટરની યોજાયેલ ચુંટણીમાં સૌરાષ્ટ્રના સિંહ અને લડાયક ખેડુત આગેવાન સ્વ. વિઠલભાઈ રાદડીયાના પુત્ર અને પુર્વમંત્રી જેતપુરના ધારાસભ્ય અને રાજકોટ ડીસ્ટ્રીકટ કો–ઓપ. બેંકના ચેરમેન જયેશ રાદડીયાનો બે તૃતીયાંશ બહુમતીથી વિજય થયો છે અને સામે પ્રદેશનું જ એક મોટુ માથું અને પ્રદેશ ભાજપ પ્રમુખનો મેન્ડેટ લઈ આવેલ બીપીનભાઈ પટેલ (ગોતા) નો પરાજય થયો છે. સામાન્યરીતે વર્ષોથી બિનહરીફ થતી ગુજરાતની આ બેઠક પર આ વખતે મેન્ડેટના તુતને કારણે ચુંટણી થઈ છે. એ ગુજરાતના સહકારી જગતની પ્રણાલીકા તો તુટીજ છે પણ સાથે સાથે પ્રદેશ ભાજપ માટે પણ આત્મ મંથન કરવા જેવુ થયુ છે. સાથે ઈફકો જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાની ચુંટણીમાં મેન્ડેટ આપી ઈફકોના દાયરામાં એન્ક્રોચમેન્ટ કરવાના પ્રયત્નને રાજય અને રાજય બહારના સહકારી અગ્રણીઓએ હાસ્યાસ્પદ અને નિંદનીય ગણ્યુ છે.

કુલ ૧૮૨ મતોમાંથી ૧૮૦નું મતદાન થયેલ જેમાંથી ૧૧૪ મત જયેશ રાદડીયાને મળ્યા હતા. અને ૬૫ મત બીપીન પટેલ (ગોતા) ને મળ્યા હતા. જેઓ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના મેન્ડેટ સાથેના ઉમેદવાર હતા અને પ્રદેશ ભાજપ કક્ષાએથી બીપીન પટેલ તરફે મતદાન કરવા પુરેપુરૂ જોર લગાડવામાં આવેલ. બીજી તરફ ભાજપની પ્રથમ પેઢીના વરિષ્ઠો પૈકીના એક અને પાર્ટીનો રાષ્ટ્રીય સહકારી ચહેરો એવા ઈફકો, ગુજકોમાસોલ અને એન.સી.યુ.આઈ. ના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનું સમર્થન જયેશ રાદડીયાને હતુ. આ પરીણામ જાહેર થયા બાદ વિજેતા જયેશ રાદડીયાએ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, એમ.ડી. ડો.અવસ્તી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ઈફકો ડીરેકટર મગનભાઈ







વડાલીયા અને ઉપસ્થિત સહકારી અગ્રણીઓને રૂબરૂ આભાર વ્યકત કરી શુભેચ્છા મેળવેલ. આ પરીણામને દિલીપભાઈ સંઘાણી અને ગુજરાતભરના સહકારી અગ્રણીઓ સહિત દિપકભાઈ માલાણી, ઓીનભાઈ સાવલીયા, જેન્તીભાઈ પાનસુરીયા, બાબુભાઈ સખવાળા, જયેશભાઈ નાકરાણી, મનીષભાઈ સંઘાણી, ઘનશ્યામભાઈ ખાટરીયા, ગોવિંદભાઈ રાણપરીયા, ગોરધનભાઈ ધામેલીયા, અજયભાઈ પટેલ વિગેરેએ આવકાર આપેલ છે અને જયેશભાઈ રાદડીયાના ખુબ ખુબ અભિનંદન પાઠવેલ છે.

### મુમતાઝ-રાજેશ ખન્નાનો ખાસ મિત્ર

## હૈં! અમિતાભ બચ્ચન પાસે પોતાની ગાડીને ધક્કા મરાવતો હતો આ એક્ટર

મુંબઈ, તા.૯


હિન્દી સિનેમાનો તે દિગ્ગજ એક્ટર જેણે તેના કરિયરમાં લગભગ દરેક એક્ટ્રેસ સાથે કામ કર્યું. આજે પણ લોકો તેમના ડાયલોગ્સને ભૂલી શક્યા નથી. એક્ટરની દીકરી પણ ઈન્ડસ્ટ્રીમાં ઘણું નામ કમાઈ રહી છે. આજે પણ લોકો આ એક્ટરના પાત્ર, ડાયલોગ અને એક્ટિંગને ભૂલી શક્યા નથી.પોતાની શાનદાર એક્ટિંગના દમ પર આ દિગ્ગજ એક્ટરે એક અલગ જ સ્થાન હાંસલ કર્યું. હવે ઉંમરના આ તબક્કે પણ આ એક્ટર ઓટીટી પર હાથ અજમાવી રહ્યો છે.

પોતાના ધમાકેદાર અવાજ માટે જાણીતો આ એક્ટર બીજું કોઈ નહીં પણ શત્રુઘ્ન સિંહા છે.શત્રુઘ્નને મુમતાઝ સાથે એટલી સારી મિત્રતા હતી કે તે તેના માટે એક હિટ ફિલ્મ છોડવા માટે તૈયાર થઈ ગઈ હતી. આ એક્ટરની રાજેશ ખન્ના સાથે પણ ખૂબ સારી મિત્રતા હતી. શત્રુઘ્ને અમિતાભ બચ્ચન સાથે ઘણી હિટ ફિલ્મો આપી છે.૧૯૭૦ની મોટી હિટ ફિલ્મ 'ખિલૌના'માં કામ કરવાનો મોકો શત્રુઘ્નને મુમતાઝના કારણે મળ્યો હતો. ટીએલવી પ્રસાદે તેને ફિલ્મમાં એક નાનો પરંતુ સારો રોલ આપ્યો હતો. પરંતુ બાદમાં જ્યારે શત્રુઘ્નને ફિલ્મમાંથી હટાવવામાં આવી રહ્યા હતા ત્યારે મુમતાઝે કહ્યું હતું કે તે પણ આ ફિલ્મ છોડી દેશે, ત્યારબાદ બાદમાં એક્ટરને ફિલ્મમાં કામ કરવાની તક મળી.પરફેક્શનમાં પણ તેની ટક્કરનું કોઈ નહતું. ૧૯૮૦માં આવેલી ફિલ્મ 'દોસ્તાના' દરમિયાન શત્રુઘ્ન સિન્હાના મેકઅપ મેનનું નિધન થયું હતું, જેના કારણે તે ઘણા દિવસો સુધી શૂટ પર આવ્યા ન હતા. એક દિવસ તે અચાનક સેટ પર આવી ગયા અને તેણે રિહર્સલ કર્યા વગર પોતાનો શોટ પૂરો કર્યો. આ જોઈને ખુદ અમિતાભ પણ દંગ રહી ગયા હતા.શત્રુઘ્ન સિન્હાની અમિતાભ પણ સાથે ખૂબ સારી મિત્રતા છે. એકવાર બંને સાજિદ ખાનના ચેટ શોમાં આવ્યા અને એકબીજા સાથે જોડાયેલી ઘણી વાતો શેર કરી. પરંતુ એક એવી ઘટના બની જેણે બધાનું ધ્યાન ખેંચ્યું. હકીકતમાં બિગ બીએ કહ્યું હતું કે તે દિવસોમાં માત્ર શત્રુઘ્ન સિન્હા પાસે જ કાર હતી.

જો કે તેમણે એક્ટરની કારની ખૂબ મજાક પણ ઉડાવી હતી.અમિતાભ બચ્ચને કહ્યું કે એક દિવસ અમે બધા મિત્રો સિન્હા સાહેબની કારમાં બેસીને ફિલ્મ જોવા જઈ રહ્યા હતા, તે સમયે તેમની ખટારાની કાર ખરાબ થઈ ગઈ. તે સમયે પણ બધાને 'ખામોશ' કરાવનાર એક્ટર પોતે કારમાં બેસી જતા હતા જ્યારે બીજા બધાએ કારને ધક્કો મારવો પડતો હતો. હું પોતે પણ તેની કારને ધક્કો મારતો હતો.

## આજે જળસંપતી દિવસ

**૧૦ મે, ''જળ સંપતિ દિવસ''**
**જળ એ જ જીવન.**
**''જલ હે તો કલ હે''**



વર્તમાન સમયમાં પર્યાવરણ રક્ષાની વાત સૌ કરે છે. જળ , જમીન, જનાવર અને રક્ષા અર્થે ઘણા પ્રયાસો થઈ રહ્યા છે. જળની સમસ્યા મોટી સમસ્યા મોટી સમસ્યા બની રહી છે. બેંગ્લુરૂ, ચેન્નઈ કે કેપટાઉનની સ્ટોરી, સુકા – ભઠા નદ, તળાવો, ડેમો કે કૂવામાં પાણી સિંચવા માટે પડાપડી કરતી મહિલાઓના દ્રશ્યો મીડિયા દ્વારા આવ્યા છે તે આપણા આંખ, કાન, જીભ અને મનને થરથરાવી દે છે. મહાનુભાવો કહેવા લાગ્યા છે કે ત્રીજું વિશ્વયુદ્ધ પાણી મુદે થશે. જેના શરૂઆતના ચિન્હો દેખાઈ રહ્યા છે. એક તરફ વધુ વરસાદ આવવાથી લોકો હેરાન હોય છે જયારે આટલો વરસાદ છતાં પણ પાણીની તંગી વાસ્તવિકતા બની ગઈ છે. તેનું મૂળ કારણ વરસાદી પાણીને સંગ્રહ કરવાની જગ્યાઓ ઉપલબ્ધ નથી તેવું છે. જુના ચેકડેમો રીપરે કરવા, નવા બનાવવા, તળાવો ફરીથી વિકસાવવા, પોતાના ઘરની અગાશી કે આંગણામાં વરસાદી પાણી સ્ટોર થઈ શકે તેવા પ્રયાસો કરવાથી આ તકલીફ થોડી ઓછી થઈ શકે છે, પરંતુ પાણીની તંગી સંપૂર્ણ રીતે ત્યારે ઓછી થશે જયારે આપણે તેઓ બગાડ કરવાનો છોડીશું. પાણીની જેટલી ઉપલબ્ધતા છે તેમાં પણ જળવાયુ પરિવર્તનની અસરો સમગ્ર વિશ્વમાં દેખાવા લાગી છે. જળ પ્રદૂષણની સમસ્યા ઉગ્ર બનતી જાય છે. ટેકનોલોજીમાં થતા ફેરફારો સાથે પર્યાવરણની કાળજી લેતા માણસ ભૂલી ગયો છે માટે જ આ સમસ્યાઓ મોટી બની છે. રોજીંદા જીવનમાં પાણીને બચાવવા માટે કેટલાક ઉપાયો કરી શકાય છે.

ઘરમાં પાણીની ટાંકી અને નળ લીક હોય તો તાત્કાલિક તેનસ મરામત કરાવી લેવી જોઈએ.

વોશબેઝીનમાં પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જેથી પાણી ઓછું વપરાય.

વાસણો ધોવામાં પાણીનો બગાડ ન કરવો જોઈએ.

કપડાં ધોવામાં શકય હોય તો ડિટરજન્ટ પાઉડર અને વોશિંગ મશીનનો ઉપયોગ કરવો જેથી પાણી ઓછું વપરાય.

બાગ–બગીચામાં પાણીનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ. જુદા જુદા ઉપાયો વિચારીને વેસ્ટ થતા પાણીને બચાવી શકાય છે જેમ કે ફિલ્ટરમાંથી નીકળતા પાણીનો ઉપયોગ વપરાયેલા વાસણોમાં પાણી નાખવા, પ્લેટફોર્મ સાફ કરવા માટે થઈ શકે છે.

### જેપી નડ્ડાએ શોક વ્યક્ત કર્યો

## તમિલનાડુમાં ભાજપના પ્રથમ ધારાસભ્ય સી વેલયુથનનું નિધન

તમિલનાડુ, તા.૯


તમિલનાડુ ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય સી વેલયુથનનું નિધન થયું છે. તેઓ ૭૩ વર્ષના હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં જણાવ્યું હતુંતેઓ ૧૯૯૬ની ચૂંટણીમાં પદ્મનાભપુરમ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ભાજપ તરફથી તમિલનાડુ વિધાનસભામાં ચૂંટાયેલા પ્રથમ ધારાસભ્ય હતા. પક્ષ અને સમાજ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને સમર્પણ હંમેશા યાદ રાખવામાં આવશે. આ મુશ્કેલ સમયમાં તેમના પરિવાર અને સમર્થકો પ્રત્યે મારી ઊંડી સંવેદના.દરમિયાન, તમિલનાડુ ભાજપના પ્રમુખ કે અન્નામલાઈએ વેલયુથનને રાજ્યમાં પાટીના નેતા ગણાવ્યા. આ પ્રસંગે તેમણે કહ્યું કે તમિલનાડુમાં ભારતીય જનતા પાટીના પ્રથમ ધારાસભ્ય વેલયુથને સખત મહેનત કરી અને તમિલનાડુમાં પાટીના વિકાસ માટે આત્મવિશ્વાસના બીજ વાવ્યા. વેલયુથનના નિધન પર શોક વ્યકત કરતા તેમણે પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.કેન્દ્રીય મંત્રી એલ મુરુગન અને અન્ય ઘણા બીજેપી નેતાઓએ વેલયુથનના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તમને જણાવી દઈએ કે વેલયુથને ૧૯૯૬ની વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત હાંસલ કરી હતી. ભાજપે વિધાનસભામાં ખાતું ખોલાવ્યું હોવાથી આ ચૂંટણી પણ મહત્વની બની ગઈ હતી. આ ત્યારે થયું જ્યારે ડીએમકેની આગેવાની હેઠળનું ગઠબંધન એઆઈએડીએમકેને હરાવીને ચૂંટણી જીત્યું.વેલયુથન કન્યાકુમારી જિલ્લાના પદ્મનાભપુરમ વિધાનસભા ક્ષેત્રમાંથી ચૂંટાયા હતા. ૧૯૯૬માં, વેલયુથને તેમના નજીકના હરીફ, ડીએમકેના બાલા જનાથીપતિને હરાવ્યા અને ૪,૫૪૦ મતોના માર્જિનથી જીત્યા. તેઓ આરએસએસ સાથે સંકળાયેલી સમાજ સેવા સંસ્થા સેવાભારતી સાથે સંકળાયેલા હતા. તેમણે ૧૯૭૫ થી ૧૯૭૭ દરમિયાન ઈમરજન્સી વિરોધી ચળવળમાં ભાગ લીધો હતો.

## ધારીની ઈવા ચાવડા કરાટેમાં સ્ટેટ ત્રીજા સ્થાને ચમકી

ધારી, તા.૯

ધારીની ઈવા ચાવડા ફરી રાજયકક્ષાની કરાટે સ્પર્ધામા ઝળકી ઊઠી હતી. આ અગાઉ જિલ્લા કક્ષાની સ્પર્ધામા પણ પ્રથમ આવી હતી તેમજ ગત વર્ષની સ્ટેટ ચેમ્પિયનશીપમા પણ ત્રીજા સ્થાને રહી નાના એવા ગામનુ નામ રોશન કર્યુ હતુ.

કરાટે ચેમ્પિયન તરીકે ઓળખાતી ધારીના સીનીયર એડવોકેટ આનંદ ચાવડાની પુત્રી ઈવા ચાવડાએ તાજેરમા સુરત ખાતે યજાયેલ ગુજરાત કરાટે કરાટે ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો જેમા ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પિયનશીપમા અંડર ૧૭મા બે અલગ અલગ વિભાગો જેવા કે, કાટા અને કુમારી (ફાઈટ) બનૈ વિભાગોમા ભાગ લીધો હતો. જે બનૈમા તેણી એ જબરદસ્ત દેખાવ કરી બને



વિભાગોમા ત્રીજા સ્થાનુ પ્રાપ્ત કરી ગામ તથા પરિવારનુ નામ રોશન કર્યુ હતુ.

તેણી એ અગાઉ પણ અનેકવાર કરાટે ચેમ્પિયનશીપમા ઝુકાવી જિલ્લા તથા સ્ટેટ લેવલે જોરદાર દેખાવ કર્યો હતો તેમજ જિલ્લા કક્ષાની ચેમ્પિયન પણ છે. તેમજ ગત વર્ષ સ્ટેટ કક્ષાએ પણ ત્રીજા સ્થાને રહીહતી.


સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ
MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી – (બાયોકેમેસ્ટ્રી)
★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com & M.Com બન્ને મિડીયમ ★ BBA & MBA - BCA & MCA
★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad018


### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૪ | ૧૫૨૬ |
| ૨ | તલ સફેદ | ૨૩૪૦ | ૨૬૩૦ |
| ૩ | ઘઉં | ૪૮૦ | ૫૫૦ |
| ૪ | ચણા | ૧૧૬૨ | ૧૨૨૮ |
| ૫ | જીરૂ | ૩૫૧૦ | ૫૭૦૦ |
| ૬ | જુવાર સફેદ | ૫૨૫ | ૬૭૫ |
| ૭ | એરંડા | ૯૮૧ | ૧૦૩૯ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૭ | ૧૨૮૩ |
| ૨ | શિંગ મોટી | ૮૫૦ | ૧૨૮૦ |
| ૩ | શિંગદાણા | ૧૬૩૦ | ૧૮૦૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૭૩૩ |
| ૫ | તલ સફેદ | ૧૩૩૦ | ૨૭૫૫ |
| ૬ | તલ કાળા | ૨૪૪૦ | ૩૦૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૩૦૨૮ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| ૯ | જુવાર | ૪૩૦ | ૮૫૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૭૧૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૦ | ૬૦૧ |
| ૧૨ | મકાઈ | ૩૦૦ | ૩૮૦ |
| ૧૩ | મગ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| ૧૪ | અડદ | ૧૮૪૦ | ૨૦૬૦ |
| ૧૫ | ચણા | ૯૨૦ | ૧૨૦૮ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૯૫ | ૧૩૭૫ |
| ૧૭ | તુવેર | ૧૨૦૦ | ૨૦૯૮ |
| ૧૮ | કપાસ | ૯૬૬ | ૧૫૦૯ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૨૦ | જીરૂ | ૧૯૩૦ | ૫૧૦૦ |
| ૨૧ | રાયડો | ૮૪૦ | ૯૨૮ |
| ૨૨ | ધાણા | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ૨૩ | ધાણી | ૧૧૩૦ | ૨૦૦૦ |
| ૨૪ | અજમા | ૧૭૦૦ | ૨૩૮૦ |
| ૨૫ | મેથી | ૮૦૦ | ૧૦૧૫ |
| ૨૬ | સોયાબીન | ૬૦૦ | ૮૬૦ |
| ૨૭ | મરચા લાંબા | ૬૩૦ | ૩૧૦૦ |
| ૨૮ | સુવાદાણા | ૧૨૩૦ | ૧૪૨૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ૨ | ઘઉં | ૪૯૬ | ૫૧૧ |
| ૩ | ચણા | ૧૧૬૫ | ૧૧૭૦ |
| ૪ | તુવેર | ૧૭૮૯ | ૨૦૫૫ |
| ૫ | એરંડા | ૮૯૧ | ૧૦૫૮ |
| ૬ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૫ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૯૦૦ | ૧૨૬૩ |
| ૨ | શીંગ મોટી | ૯૭૪ | ૧૨૬૧ |
| ૩ | શીંગ નવી | ૧૧૭૧ | ૧૩૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૫૫૧ | ૨૮૫૧ |
| ૫ | તલ કાળા | ૩૦૫૧ | ૩૧૦૦ |
| ૬ | જીરૂ | ૫૧૦૦ | ૫૫૦૦ |
| ૭ | કપાસ | ૧૩૫૧ | ૧૫૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૪૩૦ | ૭૨૬ |
| ૧૨ | મગ | ૧૬૫૦ | ૧૭૭૩ |
| ૧૩ | અજમા | – | ૨૨૯૮ |
| ૧૪ | ચણા | ૧૧૧૧ | ૧૨૨૧ |
| ૧૫ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૩૪૫ |
| ૧૬ | તુવેર | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| ૧૮ | મેથી | ૯૦૦ | ૧૦૩૦ |
| ૧૯ | રાય/રાયડો | ૯૬૦ | ૧૦૬૦ |
| ૨૦ | ધાણા | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૮૬૮ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૧ | ૧૪૮૦ |
| ૨ | ચણા | ૧૦૦૨ | ૧૨૧૪ |
| ૩ | જુવાર પીળી | ૪૫૦ | ૪૫૦ |
| ૪ | જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૬૦ |
| ૬ | એરંડા | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ૭ | ઘઉં | ૪૬૦ | ૪૬૦ |
| ૮ | મગફળી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૯ | મકાઈ | ૪૧૨ | ૪૧૨ |
| ૧૦ | ધાણા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૧૧ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૯૦૦ | ૧૧૯૫ |
| ૩ | ધાણા | ૧૧૧૫ | ૧૩૦૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૩૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૪ | ૫૧૦ |
| ૬ | મેથી | ૮૦૦ | ૯૭૨ |
| ૭ | તુવેર | ૧૩૩૦ | ૧૮૨૧ |
| ૮ | જુવાર | ૩૪૦ | ૫૮૩ |
| ૯ | મકાઈ | ૪૨૫ | ૪૯૫ |
| ૧૦ | રાય | ૯૫૦ | ૯૯૦ |
| ૧૧ | રાયડો | ૯૦૦ | ૯૦૦ |
| ૧૨ | મગફળી | ૮૨૫ | ૧૧૯૧ |
| ૧૩ | સોયાબીન | ૭૮૨ | ૮૫૦ |
| ૧૪ | લસણ | ૧૦૨૦ | ૧૨૨૫ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૬ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૭૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૫૦ | ૧૨૨૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૭૦૦ |
| ૩ | કપાસ | ૧૨૭૩ | ૧૫૦૬ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૫૧૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૨૧ |
| ૬ | જુવાર | ૪૩૦ | ૮૩૦ |
| ૭ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૮ | મેથી | ૯૮૦ | ૯૮૦ |
| ૯ | મઠ | ૯૦૦ | ૯૦૦ |
| ૧૦ | તુવેર | ૨૦૦૧ | ૨૧૦૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૨૬૦ |
| ૧૨ | જીરૂ | ૪૮૦૧ | ૪૮૦૧ |
| ૧૩ | એરંડી | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૪ | રાય | ૯૧૦ | ૯૧૦ |
| ૧૫ | રજકા બી | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૬ | ધાણા | ૧૦૧૧ | ૧૦૧૧ |

## અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તડામાર તૈયારીઓ

# અમરેલીમાં આજે ભગવાન શ્રી પરશુરામનાં પ્રાગટ્ય ઉત્સવની ઉજવણી

**પરશુરામધામ ખાતે સવારનાં ૮ કલાકે પૂજન અને બપોરે ૧૨ કલાકે અન્નકૂટ આરતી યોજાશે**

**સાંજના ૫ કલાકે નાગનાથ મંદિરથી પરશુરામધામ સુધી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા યોજાશે**

**સાંજના ૭:૩૦ કલાકે પરશુરામધામ મંદિર ખાતે મહાઆરતીનું આયોજન થયું**

**સર્વ સનાતન હિન્દુ સમાજને તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અનુરોધ થયો**






અમરેલી, તા. ૯

ભગવાન વિષ્ણુના છટ્ઠા અવતાર એવા આરાધ્ય દેવ બ્રાહ્મણોના આરાધ્ય દેવ શ્રી પરશુરામ ભગવાનનો પ્રાગટય દિવસ એટલે અક્ષર તૃતીયા (અખાત્રીજ) ના પવિત્ર દિવસે ભૂદેવો ધ્વારા અનેકવિધ કાર્યક્રમોનું જિલ્લાના તમામ તાલુકા મથકોએ આયોજન કરવામાં આવ્યું છે, તેમજ અમરેલી શહેરમાં જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ ધ્વારા દાદાની જન્મજયંતિ નિમિતે સાંજે ૫ કલાકે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા પણ નીકળનાર છે.સવારે ૮ કલાકે પરશુરામ દાદાનું પુજન, બપોરના ૧૨ કલાકે પરશુરામ મંદિર ખાતે આરતી તથા અન્નકોટના દર્શન તેમજ સાંજના ૫ કલાકે શોભાયાત્રા શરૂ થશે તેમજ શોભાયાત્રા ૭:૩૦ કલાકે પુર્ણ થતા મહાઆરતીનું આયોજન કરેલ છે.

ભગવાનશ્રી પરશુરામ જન્મોત્સવસમિતિધ્વારાઆવતીકાલેસાંજે ૫ કલાકે નાગનાથ મંદિર થઈ રાજકમલ ચોક થઈ લક્ષ્મીનારાયણ મંદિર, એસ.ટી. ડેપો, સ્ટેશનરોડ થઈ પરશુરામ મંદિર રેલ્વે સ્ટેશનપાસેશોભાયાત્રાનુંસમાપનથશે.આ શોભાયાત્રામાં વિવિધ વેપારી સંગઠનો ધ્વારા તેમજ સંસ્થાઓ ધ્વારા ઠંડા–પીણા તેમજ પાણીની વ્યવસ્થા પણ રાખવામાં આવેલ છે.

ત્યારબાદ મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પરશુરામ જન્મોત્સવ અંતર્ગત છેલ્લા કેટલાક દિવસોથી ભૂદેવો ધ્વારા અનેકવિધ સમિતિઓ બનાવી અને સમિતિઓને કામગીરી સોંપવામાં આવેલ હતી. ભગવાન વિષ્ણુના છટ્ઠા અંશાવતાર પરશુરામ ભગવાનની વાત કરીએ તો વૈશાખ સુદ ત્રીજની પાવન તિથિએ વિષ્ણુ આવ્યા. ભગવાનના છટ્ઠા અંશાવતાર ગણાતા ભગવાન પરશુરામનો જન્મ થયો હતો. તેમના પ્રચંડ અને વિરાટ વ્યકિતત્વનો પરિચય ભગવદ્ ગોમંડળ માંથી મળે છે, તદઅનુસાર વિશ્વામિત્રના જુહુ કુળના ઋષિ જમદગ્નિ અને ઈકવાકું વંશની રાજકન્યા રેણુકાના પુત્રોમાં સૌથી નાના પુત્ર રામ (પરશુરામ) હતા. એક દિવસ રેણુકા સ્નાન કરવા નદીએ ગઈ હતી. ત્યાં તેણે રાજા ચિત્રરથને પોતાની સ્ત્રી સાથે જલક્રીડા કરતો જોયો અને કામવાસનાથી ઉદ્વિગ્ન થઈ ઘેર આવી. તેની આ દશા જોઈને જમદગ્નિ બહુ જ ગુસ્સે થયા અને પોતાના પુત્રોને રેણુકાનો વધ કરવા આજ્ઞા કરી, પરંતુ સ્નેહવશને લીધે કોઈનાથી તેમ થઈ શક્યું નહીં. એવામાં પરશુરામ આવ્યા. પરશુરામે આજ્ઞા મળતાં જ માતાનું મસ્તક કાપી નાખ્યું તેથી જમદગ્નિએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું. પરશુરામે કહ્યું કે, પહેલાં તો મારી માતાને સજીવન કરો, પછી એ વરદાનો આપો કે, હું પરમાયુ પ્રાપ્ત કરું અને યુદ્ધમાં મારી સામે કોઈ ટકી શકે નહીં. જમદગ્નિએ તેમ જ કર્યું. બાળપણમાં રેણુકા માતાના હાથ નીચે તેણે શિક્ષણ લીધું હતું. ભીષ્મ અને દ્રોણાચાર્ય અને સૂર્યપુત્ર કર્ણએ પણ પરશુરામ પાસેથી ધનુરર્વિદ્યાનું શિક્ષણ લીધું હતું. ભગવાન શિવે પરશુરામને પોતાનું ત્રયંબક નામનું ધનુષ આપીને કહ્યું હતું કે, જયારે એ ધનુષ ભાંગશે ત્યારે તારું તેજ જશે અને રામાવતાર થશે. આ શિવવાણી ત્રેતાયુગને અંતે સિદ્ધ થઈ હતી.

આ ભવ્યાતિભવ્ય શોભાયાત્રાને સફળ બનાવવા સમસ્ત બ્રહ્મસમાજ, યુવા પાંખ, મહિલા પાંખ, જિલ્લા પાંખ દ્વારા આખરી ઓપ આપવામાં આવ્યું છે. તેમ જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા તથા મહામંત્રી ભગીરથ ત્રિવેદીની યાદી જણાવે છે.














## જગ્યા ભાડે આપવાની છે

બેંક, હોસ્પિટલ, ટ્યુશન કલાસિસ માટે પહેલા માળે ૬ રૂમ વાળી વિશાળ જગ્યા ભાડેથી આપવાની છે.

**અશોકભાઈ હિંમતલાલ જોષી**
પટેલ વાડી ગેઈટ સામે, અમરેલી રોડ, ધારી.
સંપર્ક નંબર : ૯૪૨૬૨ ૭૯૬૮૭









